


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 295
Dt.: 06-07-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### પુતિન-ઝેલેન્સ્કીને ફોન કરી આપી મોટી ઓફર

# રશિયા-યુક્રેન યુદ્ધમાં ફરી યુએસ પ્રમુખ ટ્રમ્પની એન્ટ્રી

## ટ્રમ્પે રશિયાના વ્લાદિમીર પુતિન અને યુક્રેનના ઝેલેન્સકી સાથે ફોન પર ૯૦ મિનિટથી વધુ વાતચીત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે ફોન પર લાંબી વાતચીત કરી છે. આ વાતચીત તુર્કીમાં યોજાનારી નાટો શિખર સંમેલન (NATO Summit)ના બરાબર પહેલા થઈ છે. અમેરિકાની ૨૫૦મી વર્ષગાંઠના અવસરે થયેલી આ વાતચીતમાં ટ્રમ્પે, યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે મદદ કરવાની વાત કરી છે, પરંતુ પુતિને આનો સીધો જવાબ આપી દીધો છે.

ક્રેમલિને જણાવ્યું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે વ્લાદિમીર પુતિન સાથે આશરે ૯૦ મિનિટ એટલે કે, દોઢ કલાક સુધી વાત કરી હતી. આ વાતચીતને ખૂબ જ હકારાત્મક અને વ્યવહારિક માનવામાં આવી રહી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, અમેરિકા આ સંકટનો વહેલી તકે ઉકેલ લાવવા માટે તૈયાર છે, અને તેઓ લડાઈ રોકવા માટે કામ કરી રહ્યા છે. વાતચીત દરમિયાન પુતિને ટ્રમ્પને યુદ્ધના મેદાનની સ્થિતિ જણાવતા દાવો કર્યો કે, રશિયન સેના સતત આગળ વધી રહી છે, અને નવા વિસ્તારો પર કબજો કરી રહી છે. રશિયાએ એ પણ કહ્યું કે, તે રાજદ્વારી ઉકેલ તો ઈચ્છે છે, પરંતુ પોતાની શરતો પર.

આ વાતચીત દરમિયાન રશિયાએ યુક્રેનના એ દાવાને ફગાવી દીધો હતો, જેમાં કોન્સ્ટેન્ટિનિવ્કા શહેર પર કબજાની વાત કહેવામાં આવી હતી. વ્યૂહાત્મક રીતે આ શહેર ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રશિયાનું કહેવું છે કે, તેણે આ શહેરને પોતાના નિયંત્રણમાં લઈ લીધું છે, જ્યારે યુક્રેનનો દાવો છે કે, આ શહેર હજુ પણ તેની પાસે છે.

રશિયાની શરત છે કે, યુદ્ધ ખતમ કરવા માટે તેને સમગ્ર ડોનબાસ ક્ષેત્ર પર નિયંત્રણ જોઈએ, જેને યુક્રેન સતત ફગાવી રહ્યું છે. ટ્રમ્પે પુતિનને જણાવ્યું કે, તેમના દૂત સ્ટીવ વિટકૉફ અને જેરેડ કુશ્નર આ ડીલ માટે કામ ચાલુ રાખશે, અને તેઓ ફરીથી મોસ્કોની મુલાકાત પણ લઈ શકે છે. પુતિને ટ્રમ્પને મોસ્કો આવવાનું આમંત્રણ પણ યાદ અપાવ્યું હતું.

પુતિન સાથે વાત કર્યા બાદ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે પણ ફોન પર ચર્ચા કરી હતી. ઝેલેન્સકીએ આ વાતચીતને ખૂબ જ સારી ગણાવી હતી. તેમણે કહ્યું કે, તેમણે ટ્રમ્પ સાથે ૧૨૦૦ કિલોમીટર લાંબી ફ્રન્ટ લાઈનની સ્થિતિ પર વાત કરી છે. ઝેલેન્સકીનું માનવું છે કે, આ યુદ્ધને ખતમ કરવાની સંભાવના છે, અને તેમાં અમેરિકાનો દ્રઢ સંકલ્પ સૌથી મહત્વની ભૂમિકા ભજવશે. ટ્રમ્પ અને ઝેલેન્સકી એ વાત પર સહમત થયા છે કે, તેઓ આગામી સપ્તાહે તુર્કીમાં યોજાનારા નાટો શિખર સંમેલન દરમિયાન આ ચર્ચાને આગળ વધારશે, જ્યાં દુનિયાના ૩૨ દેશોના નેતાઓ એકઠા થઈ રહ્યા છે.

### મેલબોર્ન મીટ્સ મોદી કાર્યક્રમમાં હુમલાની ધમકી

## ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા PM મોદીને જાનથી મારવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ જુલાઈથી ૧૦ જુલાઈ સુધી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાના છે. આ પ્રવાસ પહેલા તેમને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધ ઓસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, પીએમ મોદી સામેની આ ધમકી બાદ ઓસ્ટ્રેલિયન સુરક્ષા અધિકારીઓને એલર્ટ કરવામાં આવ્યા છે અને તેમણે આ મામલાની તપાસ શરૂ કરી છે.

તેમની મુલાકાતના શેડ્યૂલ મુજબ, પીએમ મોદી ૯ જુલાઈના રોજ 'મેલબોર્ન મીટ્સ મોદી' કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમ મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમમાં યોજાવાનો છે. આ ધમકીમાં આ કાર્યક્રમ દરમિયાન હુમલો થવાની શક્યતા છે. પીએમ મોદી સામે જાનથી મારી નાખવાની ધમકી આ કાર્યક્રમનો પ્રચાર કરતી પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં આપવામાં આવી હતી. અહેવાલો અનુસાર, અબુ મુસ્તફા નામના ફેસબુક એકાઉન્ટ પરથી એક કોમેન્ટ પોસ્ટ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, ઈવેન્ટ દરમિયાન સ્ટેડિયમની છત બંધ રહે તો સારું, નહીં તો તેઓ ઓસ્ટ્રેલિયા તેમના મોતને ભેટવા આવી રહ્યા છે. પોસ્ટ સામે આવ્યા પછી તરત જ આ મામલો ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

એવું અહેવાલ છે કે તપાસ એજન્સીઓએ સોશિયલ મીડિયા પોસ્ટ સાથે સંકળાયેલ IP એડ્રેસ ઓળખી કાઢ્યું છે અને હવે તે નક્કી કરવા માટે કામ કરી રહી છે કે કોમેન્ટ કોણે કરી અને તેનો મૂળ હેતુ શું હતો. અધિકારીઓ આ કિસ્સામાં કોઈ ફોજદારી કાયદાનું ઉલ્લંઘન થયું છે કે કેમ તેની પણ તપાસ કરી રહ્યા છે.

જોકે ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસે હજુ સુધી તપાસ અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું નથી, સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે ઓસ્ટ્રેલિયન સુરક્ષા એજન્સીઓ કોઈપણ દેશના વડા અથવા સરકારના વડા સામેની ધમકીઓને અત્યંત ગંભીરતાથી લે છે. વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસ, રાજ્ય પોલીસ દળો અને વિશિષ્ટ સુરક્ષા એકમો સહિત અનેક એજન્સીઓ વચ્ચે વહેંચવામાં આવશે. હાલમાં તમામ સુનિશ્ચિત કાર્યક્રમો માટે સુરક્ષા વ્યવસ્થાની વ્યાપક સમીક્ષા ચાલી રહી છે.

ઓસ્ટ્રેલિયાની તેમની મુલાકાત દરમિયાન, વડાપ્રધાન મોદી દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે અને ભારતીય સમુદાયને સંબોધિત કરશે. આ સંદર્ભમાં મેલબોર્નમાં આ કાર્યક્રમ ખાસ કરીને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઓનલાઈન ધમકી બાદ, સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત જોખમો સામે સતર્ક રહે છે અને આ બાબતની સંપૂર્ણ તપાસ ચાલુ છે.

## ભારત વિરુદ્ધ ચીનનો નવો દાવ: ૫૦૦૦ કિ.મી. સુધી દેખરેખ રાખતી રડાર સિસ્ટમ એક્ટિવ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

સરહદ પર હથિયાર નહીં, પરંતુ આ વખતે ચીને પોતાની ગુપ્ત 'નજર' મજબૂત કરી છે. યુનાન પ્રાંતમાં સક્રિય થયેલું નવું LPAR રડાર ભારત માટે નવી વ્યૂહાત્મક ચિંતા ઉભી કરી શકે છે, કારણ કે તે ભારતની તમામ મિસાઈલ ટેસ્ટિંગ પર નજર રાખવામાં સક્ષમ છે. ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ચીને મ્યાનમાર સરહદને અડીને આવેલા પોતાના યુનાન પ્રાંતમાં લાર્જ ફેસ્ડ એર રડાર (LPAR) કાર્યરત કરી દીધું છે. આ રડારની રેન્જ ૫૦૦૦ કિલોમીટરથી વધુ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ રડાર ભારતના મિસાઈલ પરીક્ષણોને ટ્રેક કરવા અને હિંદ મહાસાગરના મોટા હિસ્સા પર નજર રાખવા માટે સક્ષમ છે. આથી, સુરક્ષાના દ્રષ્ટિકોણથી તેને ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

ચીન છેલ્લા કેટલાક વર્ષોથી પોતાની સર્વેલન્સ સિસ્ટમને સતત મજબૂત કરી રહ્યુ છે. આ જ કડીમાં યુનાનમાં લગાવવામાં આવેલું, આ નવું LPAR રડાર ખૂબ મહત્વનું છે. આ રડાર દૂરથી જ બેલિસ્ટિક મિસાઈલ શોધી શકે છે, તેની ઉડાન પર નજર રાખી શકે છે, અને તેની સચોટ માહિતી એકત્રિત કરી શકે છે. તેની ૫૦૦૦ કિલોમીટરથી વધુની ક્ષમતાને કારણે, ચીન ભારતના પૂર્વીય ભાગ, બંગાળની ખાડી અને હિંદ મહાસાગરના વિશાળ વિસ્તાર પર સરળતાથી નજર રાખી શકશે. આ રડાર ઓડિશાના ડો. એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી થતા મિસાઈલ પરીક્ષણોને પણ ટ્રેક કરી શકે છે. ભારત આ જ સ્થળેથી અગ્નિ-૫, કે-૪ અને અન્ય આધુનિક મિસાઈલોનું પરીક્ષણ કરે છે. જો કોઈ દેશને, આ મિસાઈલોની ઉડાન અને અન્ય ટેકનિકલ માહિતી મળી જાય, તો તે પોતાની સંરક્ષણ તૈયારીઓને તે જ મુજબ મજબૂત કરી શકે છે, જે ભારત માટે ચિંતાનો વિષય છે.

યુનાનમાં આ રડારનું લોકેશન એવું છે કે, ચીન બંગાળની ખાડી અને હિંદ મહાસાગરના મોટા હિસ્સાની દેખરેખ રાખી શકે છે. હિંદ મહાસાગર ભારત માટે વ્યૂહાત્મક રીતે ખૂબ મહત્વનો છે, જ્યાં ભારતીય નૌસેનાની મજબૂત હાજરી છે, અને દુનિયાના ઘણા મોટા દરિયાઈ વેપાર માર્ગો અહીંથી પસાર થાય છે. ચીન પાસે અગાઉથી જ શિનજિયાંગ અને કોરલામાં આવા લાંબા અંતરના રડાર છે. હવે યુનાનમાં નવું LPAR રડાર શરૂ થતાં, તેની સર્વેલન્સ ક્ષમતા વધુ મજબૂત થઈ છે. જોકે, આ તૈનાતી અંગે ભારત કે, ચીન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

## ૬૧ વર્ષની ઉંમરમાં અભિનેતા આમિર ખાને કર્યા ત્રીજા લગ્ન: ૧૫ વર્ષ નાની ગૌરી સ્પ્રાટ બની જીવનસાથી

### આમિર ખાને પોતાના ઘરમાં ગૌરી સાથે રજીસ્ટર મેરેજ કર્યાં : પરિવારજનો અને નજીકના મિત્રો હાજર રહ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલીવુડ સુપરસ્ટાર આમિર ખાને ગૌરી સ્પ્રાટ સાથે લગ્ન કરી લીધા છે. આ લગ્ન મુંબઈના બાંદ્રામાં આવેલા આમિર ખાનના ઘર પર સાદાઈથી થયા છે. બંને છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી સાથે હતા. રવિવારે એક ખાનગી ઈવેન્ટમાં તેમના પરિવારના લોકો અને ખાસ મિત્રો સામેલ થયા હતા. આમિરના પ્રવક્તાએ તેની પુષ્ટિ કરી છે. આ પ્રસંગે તેના પાછલા લગ્નના ત્રણેય બાળકો પણ હાજર રહ્યાં હતા. લગ્નના કાર્યક્રમ શરૂ થતાં પહેલા આમિરની દીકરી ઈરાન ખાન અને પુત્ર જુનૈદ ખાન તેના ઘરે પહોંચ્યા હતા. લગાન ફિલ્મના ડાયરેક્ટર આશુતોષ ગોવારિકર અને અભિનેત્રી એલી



અમરાવ પણ જશ્નમાં સામેલ થયા હતા. આમિર અને ગૌરી પ્રથમવાર આશરે ૨૫ વર્ષ પહેલા મળ્યા હતા. પરંતુ બંનેનો સંબંધ ૨૦૨૪મા ત્યારે શરૂ થયો જ્યારે તેઓ બેંગલુરમાં આમિરની પિતરાઈ બહેન નુઝહત ખાન દ્વારા ફરી મળ્યા હતા. આ પહેલા આમિર ખાને ડાયરેક્ટર કિરણ રાવ સાથે લગ્ન કર્યા હતા. બંનેની મુલાકાત ફિલ્મ લગાનના સેટ પર થઈ હતી, જ્યાં કિરણ સહાયક ડાયરેક્ટર હતી. બંનેએ ૨૦૦૫મા લગ્ન કર્યા અને ૨૦૧૧મા સરોગેસી દ્વારા પુત્ર આઝાદ રાવ ખાનને જન્મ આપ્યો હતો. લગ્નના ૧૬ વર્ષ બાદ ૨૦૨૧મા બંને અલગ થઈ ગયા હતા. છૂટાછેડા બાદ પણ બંને સારા મિત્ર છે અને સાથે બાળકનો ઉછેર કરી રહ્યાં છે અને પાણી ફાઉન્ડેશન તથા ફિલ્મોમાં પણ સાથે કામ કરે છે. કિરણ પહેલા આમિરે વર્ષ ૧૯૮૬મા રીના દત્તા સાથે લગ્ન કર્યાં હતા. તે શરૂઆતી દિવસોમાં બંનેની લવ સ્ટોરી ખુબ ચર્ચામાં રહી હતી. આ લગ્ન લગભગ ૧૬ વર્ષ ચાલ્યા અને ૨૦૦૨મા બંનેના છૂટાછેડા થયા હતા.

સંબંધ તૂટ્યા બાદ પણ આમિરે રીના સાથે સન્માનજનક સંબંધ બનાવી રહ્યો છે. હવે આમિરે પોતાની નવી યાત્રા શરૂ કરી છે, ફેન્સ અભિનેતાને શુભેચ્છા આપી રહ્યાં છે.

## પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણને લઈને વિરોધ વધી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પેટ્રોલમાં ઈથેનોલ બ્લેંડિંગને લઈને વિરોધ વધી રહ્યો છે. લોકોનો આરોપ છે કે તેનાથી ગાડીની માઈલેજ અને તેના એન્જિન, પાર્ટ્સ પર અસર પડશે. તો સરકારે ખુદ સુપ્રીમ કોર્ટમાં તે વાત માની છે કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ એક પ્રયોગ છે, જેના પરિણામ આગામી વર્ષ સુધી આવશે. હવે સરકાર દાવો કરી રહી છે કે તેનાથી માઈલેજ અને એન્જિન પર વધુ નકારાત્મક અસર દેખાશે નહીં. દિલ્હીમાં ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ્સની પત્રકાર પરિષદ પર સરકાર તરફથી સામેલ એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડના પ્રથમ મહિલા અધ્યક્ષ તથા મેનેજિંગ ડિરેક્ટર વર્તિકા શુક્લાએ દાવો કર્યો કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ પ્રોગ્રામને રાતો-રાત લોન્ચ કરવામાં આવ્યો નથી, તે માટે રિસર્ચ, વૈજ્ઞાનિક અને સ્ટેપ-બાય-સ્ટેપ પ્રોસેસ પુરી કરવામાં આવી છે, ત્યારબાદ E20 મિશ્રણનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ માટે વૈશ્વિક પ્રેક્ટિસ અપનાવવામાં આવી છે અને દુનિયાની ટોપ એજન્સી પણ તેનો ટેસ્ટ કરી ચૂકી છે. તેમણે દાવો કર્યો છે કે તેની ગાડીઓ પર અસર પડશે નહીં.

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી ખુદ તે વાતનો સ્વીકાર કરી ચૂક્યા છે કે માઈલેજમાં ઘટાડો થયો છે. પરંતુ તેમણે આ ઘટાડાને સામાન્ય ગણાવ્યો. તેમણે ખુદ સ્વીકાર્યું કે તેનાથી ગાડીઓનું પિકઅપ (એક્સેલેરેશન) વધે છે અને એન્જિનના નોકિંગમાં સુધાર થાય છે. તો મારૂતિ સુઝુકીના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ ઓફિસર રાહુલ ભારતી પ્રમાણે ઈ૨૦ પેટ્રોલથી કારનું માઈલેજ ત્રણ ટકા સુધી ઘટી શકે છે.






### નામિબિયા અને મોરોક્કો જેવા દેશો ભારતથી આગળ

## પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું ખરાબ પ્રદર્શન, ટોપ-૧૦૦ ની યાદીમાંથી બહાર

### ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૬'માં ભારતીય પાસપોર્ટ ૧૨૫મા સ્થાને :ભારતના રેન્કિંગમાં ફરી ઘટાડો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસની સુવિધા અને પાસપોર્ટની મજબૂતાઈ દર્શાવતા 'ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૬' ના તાજા આંકડા જાહેર થઈ ગયા છે. આ વર્ષના ઈન્ડેક્સમાં ભારતીય પાસપોર્ટના રેક્કિંગમાં ફરી એકવાર ઘટાડો નોંધાયો છે અને ભારત ખસીને ૧૨૫મા સ્થાન પર આવી ગયું છે. આ રેક્કિંગ ઘટવાને કારણે હવે ભારતીય પાસપોર્ટ ધારકો વિશ્વના માત્ર ૨૬ દેશોમાં જ વિઝા વિના (Visa-Free) અથવા વિઝા ઓન અરાઈવલની સુવિધા સાથે પ્રવાસ કરી શકશે. વર્ષ ૨૦૨૫ માં ભારત ૧૨૪મા ક્રમે હતું, પરંતુ આ વર્ષે તેમાં એક સ્થાનનો ઘટાડો થયો છે અને દેશ ટોપ ૧૦૦ ની યાદીથી વધારે દુર થયો છે. વૈશ્વિક યાદીમાં ભારતીય પાસપોર્ટનું રેક્કિંગ નામિબિયા કરતાં પણ નીચે છે. આ ઉપરાંત ફિલિપીન્સ, મોરોક્કો અને ઉઝબેકિસ્તાન જેવા દેશો પણ આ યાદીમાં ભારત કરતાં આગળ છે. જ્યારે ભારત અઝરબૈજાન અને કિર્ગિઝસ્તાન કરતાં વધુ સારી સ્થિતિમાં છે. હાલમાં ભારતીય નાગરિકો ભૂટાન, નેપાળ, જમૈકા, મકાઉ, પેલેસ્ટાઈન, ટ્યુનિશિયા, અંગોલા અને બાર્બાડોસ જેવા ૨૬ સ્થળોએ વિઝા વગર જઈ શકે છે. જોકે, અમેરિકા, યુકે, જર્મની, ફ્રાન્સ, ચીન અને યુએઈ (UAE) સહિત વિશ્વના આશરે ૮૮ દેશોમાં પ્રવેશવા માટે ભારતીયોએ આજે પણ ફરજિયાત વિઝા લેવા પડે છે.

ભારતના પાડોશી દેશોની વાત કરીએ તો, ચીન ૧૦૪મા ક્રમે છે જે ભારત (૧૨૫મું સ્થાન) કરતાં ઘણું આગળ છે. જોકે, દક્ષિણ એશિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ઈન્ડેક્સમાં બાંગ્લાદેશ ૧૬૬મા, નેપાળ ૧૬૪મા અને પાકિસ્તાન ૧૮૮મા સ્થાને છે. પાકિસ્તાન આ વૈશ્વિક ઈન્ડેક્સમાં સૌથી નીચે રહેલા દેશોમાં સામેલ છે.

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૬ ની ટોપ ૧૦ ની યાદીમાં મોટા ભાગના યુરોપીય દેશોએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. આ વર્ષે સૌથી મોટો ઉલટફેર એ થયો છે કે વૈશ્વિક સ્તરે શક્તિશાળી ગણાતા અમેરિકા અને ફ્રાન્સ બંને સંયુક્ત રીતે ૧૧મા સ્થાને આવી ગયા છે અને ટોપ ૧૦ માં સ્થાન મેળવવાથી વંચિત રહી ગયા છે. આ સિવાય કેનેડા ૧૩મા સ્થાને રહ્યું છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે ગ્લોબલ ટ્રાવેલ મોબિલિટીની બાબતમાં યુરોપિયન દેશો હાલમાં દુનિયામાં સૌથી આગળ છે.

## તંત્રી લેખ......

### દાનના ઉપયોગ માટે ટ્રસ્ટને જવાબદાર ઠેરવવાની જરૂર છે

અયોધ્યામાં રામ મંદિરમાં દાનની ચોરીથી હિન્દુ સમુદાયને નુકસાન થયું છે અને મંદિરના ટ્રસ્ટ પર લોકોનો વિશ્વાસ ઓછો થયો છે. ચોરી થયેલા નાણાંની ચોક્કસ રકમ અને તે કેટલા સમયથી ચાલી રહ્યું હતું તે નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ તે શરમજનક છે કે દાનનો ઉપયોગ તેના જાળવણી માટે જવાબદાર લોકો દ્વારા જ કરવામાં આવ્યો હતો.

આ કેસમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ તેની તપાસ ચાલુ રાખી રહી છે. કેસની ગંભીરતા અને અવકાશને જોતાં, એસઆઈટીની સમયમર્યાદા લંબાવવામાં આવી છે. તે જોવાનું બાકી છે કે તે નિર્ધારિત સમયમાં તેની તપાસ પૂર્ણ કરી શકે છે કે નહીં. સદીઓથી રાહ જોયા અને સંઘર્ષ પછી રામ મંદિરનું નિર્માણ થયું હોવાથી, તેના ઉદ્ઘાટન પછી ભારત અને વિદેશથી લોકો અયોધ્યાની મુલાકાત લઈ રહ્યા છે, અને દર મહિને કરોડોના દાનનો પ્રવાહ આવી રહ્યો છે. ટ્રસ્ટ પાસે આ દાનનો ઉપયોગ કરવાનો અધિકાર છે. દાનના ઉપયોગમાં કોઈ સરકારી હસ્તક્ષેપ નથી, અને ન હોવો જોઈએ, પરંતુ ટ્રસ્ટ તેનો યોગ્ય રીતે ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

જેમ રામ મંદિર માટે ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે, તેવી જ રીતે અન્ય મોટા મંદિરો પણ છે. ભક્તો કેટલાક મંદિરોને કરોડો રૂપિયાનું દાન આપે છે. જ્યારે કેટલાક મંદિર ટ્રસ્ટમાં સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય સંપૂર્ણપણે સરકાર દ્વારા સંચાલિત છે. સરકારો આવા મંદિરો દ્વારા મેળવેલા દાનનો ઉપયોગ તેમની વિવેકબુદ્ધિથી કરે છે. વારંવાર પ્રશ્નો ઉભા થયા છે કે શું મંદિર દાન ફક્ત હિન્દુ ધર્મના પ્રચાર અને હિન્દુ સમાજના કલ્યાણ માટે છે. આવા પ્રશ્નો ઉભા થયા છે કારણ કે ઘણા મંદિરોમાંથી દાનનો ઉપયોગ હિન્દુ ધર્મના કલ્યાણ સિવાય અન્ય હેતુઓ માટે કરવામાં આવી રહ્યો હોવાના અહેવાલો આવ્યા છે.

સામાન્ય રીતે, નાના મંદિરોમાંથી મળતું દાન ફક્ત પુજારીઓ અને સેવકોની જાળવણી, મંદિર જાળવણી અને તહેવારોના આયોજન પર ખર્ચવામાં આવે છે. શું આનાથી હિન્દુ ધર્મના પ્રચારનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થાય છે? કેટલાક મોટા મંદિર ટ્રસ્ટ શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, ધર્મશાળાઓ વગેરે ચલાવે છે, પરંતુ ભાગ્યે જ કોઈ પાસે દેશના મુખ્ય મંદિરોને દર વર્ષે કેટલું દાન મળે છે અને તેનો ઉપયોગ કયા હેતુઓ માટે થાય છે તેનો સચોટ ડેટા છે. આનું કારણ એ છે કે કયા દાન કયા પ્રોજેક્ટ્સ પર ખર્ચવામાં આવશે તે નક્કી કરવા માટે કોઈ ચોક્કસ સિસ્ટમ નથી. નિઃશંકપણે, મંદિરો દ્વારા પ્રાપ્ત દાનનો ઉપયોગ હિન્દુ ધર્મના પ્રચાર અને કલ્યાણ માટે થવો જોઈએ, પરંતુ પ્રચારનું આ કાર્ય અસરકારક રીતે કેવી રીતે થવું જોઈએ તે પણ સ્પષ્ટ હોવું જોઈએ. શું હિન્દુ ધર્મનો પ્રચાર કરવાનો હેતુ ફક્ત સંસ્કૃત શાળાઓ કે ગુરુકુળો ચલાવવાથી પ્રાપ્ત થાય છે?

શું હિન્દુ ધર્મનો પ્રચાર કરવાનો હેતુ હિન્દુ ધર્મની ભવ્યતા દર્શાવીને પ્રાપ્ત થાય છે? પ્રશ્ન એ પણ છે કે શું હિન્દુ ધર્મનો પ્રચાર ફક્ત હિન્દુઓમાં જ થવો જોઈએ. વિડંબના એ છે કે હિન્દુ ધાર્મિક નેતાઓ અને મંદિર ટ્રસ્ટનું સંચાલન કરનારાઓમાં આ મુદ્દા પર કોઈ સર્વસંમતિ નથી. હિન્દુ ધર્મની વિશિષ્ટ વિશેષતા એ છે કે તે કોઈ એક ગ્રંથ અથવા દેવતાના દર્શન પર આધારિત નથી. હિન્દુઓને તેમની પસંદગીના કોઈપણ દેવતાની પૂજા કરવાની સ્વતંત્રતા છે. હિન્દુ અનુયાયીઓ અલગ અલગ રિવાજો અને પરંપરાઓ ધરાવે છે, અને તેઓ તેમની માન્યતાઓ અનુસાર તેનું પાલન કરવા માટે સ્વતંત્ર છે. કેટલાક ધાર્મિક વિધિઓ પર ભાર મૂકે છે, જ્યારે અન્ય તેમની જરૂરિયાતને અવગણે છે. હિન્દુ ધર્મની લાક્ષણિકતાઓ તેને અન્ય ધર્મો અને સંપ્રદાયોથી અલગ પાડે છે, પરંતુ કદાચ આ જ કારણ છે કે હિન્દુ ધર્મના વ્યાપક પ્રચાર માટે કોઈ માળખું વિકસાવવામાં આવ્યું નથી.

## પોરબંદર સ્ટેશન યાર્ડ રિમોડેલિંગ કાર્યનું સફળ કમિશનિંગ, રેલ સંચાલન બનશે વધુ સુરક્ષિત, ઝડપી અને આધુનિક




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં પોરબંદર સ્ટેશનના યાર્ડ રિમોડેલિંગ કાર્યનું ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક કમિશનિંગ કર્યું છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂર્ણ થતાં સ્ટેશન પર રેલ સંચાલન વધુ સુરક્ષિત, સરળ અને કાર્યક્ષમ બનશે તેમજ ટ્રેનો અને રેકોના સંચાલનમાં નોંધપાત્ર સુધારો થશે. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશનની ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (Electronic Interlocking–EI) સિસ્ટમનું વ્યાપક આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ હેઠળ ૭૨ રૂટ સાથે નવી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. ઉપરાંત ૨૫ નવા પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે તથા ૧૬ જૂના પોઈન્ટ દૂર કરવામાં આવ્યા છે. હાલમાં યાર્ડમાં કુલ ૩૧ પોઈન્ટ, ૪૪ ડિટેક્શન પોઈન્ટ, ૨૮ ટ્રેક સેક્શન, ૧૦ મુખ્ય સિગ્નલ તેમજ ૧૭ શન્ટ સિગ્નલ (૦૯ ડિપેન્ડન્ટ અને ૦૮ ઈન્ડિપેન્ડન્ટ) ઉપલબ્ધ છે.

યાર્ડ રિમોડેલિંગના પરિણામે સ્ટેશનની સંચાલન ક્ષમતા અને સલામતીમાં વ્યાપક વધારો થયો છે. એન્જિન એસ્કેપ લાઈન ઉપલબ્ધ થતાં અગાઉ લાઈન નં. ૧ (હાલની લાઈન નં. ૨) પર થતી પુશ-બેક મૂવમેન્ટ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે, જેના કારણે સંચાલન વધુ સુરક્ષિત અને ઝડપી બન્યું છે. આ સાથે યાર્ડની ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે ટ્રેનો અને રેકોના સંચાલનની કાર્યક્ષમતા વધશે. નવી ડબલ એક્ઝિટ પિટ-કમ-વોશિંગ લાઈનના નિર્માણથી રેકોની ધોવાણ, હટાવવાની અને મૂકવાની પ્રક્રિયા અગાઉની સરખામણીએ વધુ ઝડપી અને સુવિધાજનક બની છે. તેમજ ડબલ એક્ઝિટ સુવિધા સાથે બનાવવામાં આવેલી બે નવી સ્ટેબલિંગ લાઈનોથી ખાલી રેકોની અવરજવર વધુ સરળ અને ઝડપી રીતે સંચાલિત કરી શકાશે. પ્રોજેક્ટ અંતર્ગત નોન-ઈન્ટરલોક્ડ યાર્ડને અલગ કરવામાં આવતા હવે લાઈન નં. ૬, ૭ અને ૮ પર શન્ટિંગ અને ટ્રેનોની રિસેપ્શન પ્રક્રિયા એકસાથે હાથ ધરી શકાશે. પરિણામે સમયની બચત થવા ઉપરાંત સંચાલન ક્ષમતા અને કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થશે. યાર્ડ રિમોડેલિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થતાં પોરબંદર સ્ટેશન પર ટ્રેનો અને રેકોનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે, યાર્ડની ક્ષમતામાં વધારો થશે, સંચાલનમાં વધુ લવચીકતા આવશે તેમજ સલામતી અને વિશ્વસનીયતાના ધોરણોમાં મહત્વપૂર્ણ સુધારો થશે. ભવિષ્યમાં વધતા રેલવે ટ્રાફિકને વધુ અસરકારક અને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરવામાં પણ આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે. પશ્ચિમ રેલવે યાત્રિયોને સુરક્ષિત, આધુનિક અને વિશ્વસનીય રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આધારભૂત માળખાના વિકાસ તથા અદ્યતન ટેકનોલોજીના સમન્વયને સતત પ્રાથમિકતા આપી રહી છે. પોરબંદર સ્ટેશન યાર્ડ રિમોડેલિંગનું સફળ કમિશનિંગ આ દિશામાં એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

## ૨૦૨૭ માં પરસોત્તમ સોલંકીના પુત્રને ચુંટણી લડાવવાની તૈયારી: દિવ્યેશ સોલંકીને ટીકીટ આપવી જ પડશે: કોળી સમાજની માંગથી રાજકારણમાં ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીને હજુ સમય બાકી હોવા છતાં રાજયના રાજકારણમાં કેટલીક બેઠકો અને સંભવિત ચહેરાઓને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને રાજયના પ્રભાવશાળી કોળી સમાજમાં છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય હલચલ તેજ બની છે.

રાજય કક્ષાના મંત્રી પરસોત્તમ સોલંકીના પુત્ર દિવ્યેશ સોલંકીના જન્મદિવસ અગાઉ અખીલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રવિણ કોળીએ આપેલા નિવેદને રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાને જન્મ આપ્યો છે. પ્રવિણ કોળીએ જાહેરમાં માંગ કરી છે કે વર્ષ ૨૦૨૭ ની ગુજરાત વિધાનસભા ચુંટણીમાં દિવ્યેશ સોલંકીને ભાજપ તરફથી ટીકીટ આપવામાં આવે અને તેઓ જીત્યા બાદ મંત્રી પદ સુધી પહોચે, તેમણે દાવો કર્યો કે કોળી સમાજના યુવાનો અને આગેવાનોમાં દિવ્યેશ સોલંકીને લઈને સકારાત્મક લાગણી છે અને સમાજ તેમને રાજકીય નેતૃત્વમાં આગળ વધતા જોવા ઈચ્છે છે. પ્રવિણ કોળીએ વધુમાં જણાવ્યુ હતુ કે દિવ્યેશ સોલંકી છેલ્લા કેટલાક વરસોથી શિક્ષણ અને સમાજ સેવા સંબંધિત પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહ્યા છે. વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી, સમાજના યુવાનોને પ્રોત્સાહન આપવુ અને વિવિધ સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપવી જેવી કામગીરીને કારણે તેઓ યુવા વર્ગમાં ઓળખ ઉભી કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર વિવિધ જિલ્લાઓની મુલાકાત દરમિયાન લોકોને વારંવાર એક જ પ્રશ્ન હોય છે કે દિવ્યેશ સોલંકી ચુંટણી કયારે લડશે.



તેમણે વધુમાં કહ્યુ કે પરસોત્તમ સોલંકીના કાર્ય ને આગળ વધારવાની ક્ષમતા દિવ્યેશ સોલંકીમાં જોવા મળે છે. સમાજના નાના મોટા પ્રશ્નોથી લઈને શિક્ષણ, સમુહલગ્ન અને સામાજિક કાર્યક્રમોમાં તેમની સક્રિય હાજરીના કારણે કોળી સમાજમાં તેમની સ્વીકાર્યતા વધી રહી હોવાનુ તેમણે જણાવ્યુ હતું. પ્રવિણ કોળીએ દાવો કર્યો કે જો ભાજપ દિવ્યેશ સોલંકીને સૌરાષ્ટ્રની કોઈ કોળી બહુલ બેઠક પરથી ઉમેદવાર બનાવે તો તેમની જીત નિશ્ચિત ગણાય. તેમણે એવો પણ મત વ્યકત કર્યો કે ભાજપમાં હાલ કોળી સમાજનો પ્રભાવશાળી યુવા ચહેરો તરીકે દિવ્યેશ સોલંકી સામે આવે છે અને પક્ષે આ બાબતને ગંભીરતાથી ધ્યાનમાં લેવી જોઈએ. જો કે પ્રવિણ કોળીના આ નિવેદનો તેમના વ્યકિતગત અને સામાજિક અભિપ્રાય તરીકે સામે આવ્યા છે. ભાજપ તરફથી દિવ્યેશ સોલંકીની ઉમેદવારી અથવા ૨૦૨૭ ની ચુંટણી માટે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ઉમેદવારોની પસંદગી અંગેનો અંતિમ નિર્ણય પક્ષનુ કેન્દ્રીય અને રાજકીય નેતૃત્વ યોગ્ય સમયે લેતુ હોય છે. આમ સમગ્ર મામલે દિવ્યેશ સોલંકીએ અત્યંત સંયમિત પ્રતિભાવ આપી જણાવ્યુ હતુ કે ચુંટણી અંગે હાલ કોઈ ટીપ્પણી કરવી યોગ્ય નથી, તેમના શબ્દોમાં, સમાજ તેમના માટે પ્રથમ રહ્યો છે અને આગળ પણ રહેશે. તેમણે કહ્યુ કે તેમના પરીવારમાં ૩ પેઢી થી સમાજ સેવાની પરંપરા ચાલી આવી છે અને તે જ માર્ગ પર તેઓ કાર્ય કરી રહ્યા છે. દિવ્યેશ સોલંકીએ વધુમાં જણાવ્યુ કે રાજકારણ હોય કે સમાજ સેવા, તેમનો મુખ્ય ઉદેશ સમાજના હિત માટે કાર્ય કરવાનો છે. આગામી સમયમાં તેમના પિતા પરસોત્તમ સોલંકી જે માર્ગદર્શન આપશે અને પરિસ્થિતિ મુજબ જે નિર્ણય લેવાશે તે પ્રમાણે તેઓ આગળ વધશે. ચુંટણી લડવા અંગેનો કોઈ અંતિમ નિર્ણય હાલ લેવાયો નથી તેવો પણ તેમણે સંકેત આપ્યો.

## વડોદરા ડભોઈના પારા ગામની કાળજું કંપાવતી ઘટના: પત્ની-બાળકોની નજર સામે ખેત મજૂરને મગર નદીમાં ખેંચી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતમાં દીપડા અને સિંહના આતંક બાદ હવે મગરે એક માનવીનો શિકાર કર્યો હોવાની હૃદયદ્રાવક ઘટના હાલ વડોદરાના ગ્રામ્ય વિસ્તારમાંથી સામે આવી છે. વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના પારા ગામે મગરે પત્ની અને બાળકની નજર સામે એક ગરીબ ખેતમજૂર પર જીવલેણ હુમલો કરીને તેને નદીમાં ખેંચી જઈ મોતના ઘાટ ઉતારી દીધો હોવાનો કાળજું કંપાવતો કિસ્સો સામે આવ્યો છે. ત્યારે વન્ય પ્રાણીઓના વધતા જતા આતંકને લઈ વન વિભાગ હાલ એક્શન મોડમાં આવ્યું છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રાજયમાં સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓના આતંકની વચ્ચે વડોદરાના ડભોઈમાં મગરના ઘાતકી હુમલામાં બજારિયાભાઈ નશરૂભાઈ નાયક નામના યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. મળતી વિગતો મુજબ, વડોદરા ડભોઈના પારા ગામે મૃતક બજારિયા નાયક પોતાની પત્ની અને બે નાના માસૂમ બાળકો સાથે ખેત મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ઘટના સમયે તે પોતાના પરિવારને નદીના કિનારે બેસાડીને પોતે નદીમાં નાહવા માટે ગયો હતો, ત્યારે જ પાણીમાં નજર ટાંપીને બેઠેલો વિશાળ મગર અચાનક ત્રાટક્યો હતો અને યુવકને ઊંડા પાણીમાં ખેંચી ગયો હતો.

પોતાના પતિને મગર ખેંચી જતો જોઈને પત્નીએ ભારે બૂમાબૂમ અને રાડારોડ મચાવી મૂકી હતી, જેથી આસપાસના ગ્રામજનો તાત્કાલિક નદી કિનારે દોડી આવ્યા હતા અને યુવકનો જીવ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જોકે ભારે જહેમત બાદ ગ્રામજનોને સફળતા ન મળતા યુવક મોતને ભેટ્યો હતો. જેથી લોકો મગરના મુખમાંથી મૃતદેહને છોડાવી નદીની બહાર કાઢ્યો હતો. ત્યારે આ દુખદ ઘટના બાદ મૃતદેહને તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડાયો છે અને ચાંદોદ પોલીસ તેમજ ડભોઈ વન વિભાગે (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) સ્થળ પર પહોંચીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં તાજેતરના સમયમાં સિંહના હુમલાની પણ ચાર-ચાર ગંભીર ઘટનાઓ સામે આવી ચૂકી છે. જેમાં અમરેલી જિલ્લામાં બનેલી બે જુદી-જુદી ઘટનાઓમાં એક પરપ્રાંતિય શ્રમિક અને એક નાના માસૂમ બાળકનું સિંહના હુમલામાં મોત થયું હતું. આવી જ રીતે, ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગઢડા ગામે પણ સિંહના હુમલામાં એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું હતું. આ દરમિયાન રાજ્યના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાના આંટાફેરા અને હુમલાની ઘટનાઓ તો અવારનવાર બને જ છે, ત્યારે હવે મગરના આ નવા આતંકથી સ્થાનિકોમાં ભયનો ભારે માહોલ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને ચોમાસાની ઋતુમાં મગરના આતંકની આવી ઘટનાઓ અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના મગરો અવારનવાર પૂરના પાણી સાથે વડોદરા શહેરમાં અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી આવતા હોય છે. ભૂતકાળમાં પણ વડોદરાના શહેરી વિસ્તારમાં મહાકાય મગર રસ્તા પર દોડતા હોવાના ફોટા-વીડિયો વાયરલ થઈ ચૂક્યા છે, જેને કારણે નદી કિનારાના વિસ્તારોમાં રહેતા લોકોમાં હંમેશા ફફળાટ અને ચિંતાનો માહોલ રહે છે. હવે દીપડા અને સિંહના આતંક બાદ મગર દ્વારા માનવીના શિકારની આ ઘટનાને તંત્ર કેટલું ગંભીરતાથી લે છે અને આ મુદ્દે શું કાર્યવાહી કરે એ જોવું રહ્યું!

## દુકાનમાં ચોરી કરતા રંગે હાથ પકડાયેલા બે ચોરોને લોકોએ બ્રાઉન ટેપ લપેટી પોલીસને સોંપ્યા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ઈન્ડોનેશિયામાં બે યુવાનો એક દુકાનમાં ચોરી કરવા ઘૂસ્યા ત્યારે આસપાસના રહેણાંક વિસ્તારના જાગૃત લોકોએ તેમને રંગે હાથ પકડી લીધા હતા.

લોકોએ ચોરને પકડીને મારપીટ કરવાને બદલે તેને બાંધી રાખ્યા હતા.

પોલીસને આવતા વાર થાય એવું લાગતા ચોરો ભાગી ન જાય એ માટે લોકોએ બંને ચોરોને નખશિખ બ્રાઉન ટેપ માં લપેટી લીધા હતા. માત્ર બે આંખો, નાક અને મોં જ ખુલ્લા રહે એ રીતે બાંધીને તેમને ખુરશીમાં બેસાડી



દીધા હતા.

એકના માથે તો એન્ટેના જેવી ટેપ પણ બહાર કાઢી હતી અને પોલીસો તેને એન્ટેનાથી ઊંચકીને લઈ ગયા હતા.

### ભારત-US મિત્રતા પર આપ્યો ભાર

## અમેરિકાના ૨૫૦મા સ્વતંત્રતા દિવસે પીએમ મોદીએ ટ્રમ્પને પાઠવી શુભેચ્છા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકાના નાગરિકોને દેશના ૨૫૦મા સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી છે. વડાપ્રધાન મોદીએ X પર કરેલી પોસ્ટમાં જણાવ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો માત્ર વ્યૂહાત્મક ભાગીદારી પૂરતા મર્યાદિત નથી. તેમણે લોકશાહી, કાયદાનું શાસન અને બંને દેશોના લોકોની અસીમ ક્ષમતા પ્રત્યેની સંયુક્ત પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.વડાપ્રધાને જણાવ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે માત્ર વ્યૂહાત્મક ભાગીદારી જ નથી, પરંતુ બંને દેશો લોકશાહી, કાયદાના શાસન અને પોતાના લોકોની અસીમ ક્ષમતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા પણ જોડાયેલા છે. દ્વિપક્ષીય સંબંધોના ભવિષ્ય પર વિશ્વાસ વ્યક્ત કરતાં PM મોદીએ આશા વ્યક્ત કરી કે આગામી ૨૫૦ વર્ષ અમેરિકા માટે વધુ સમૃદ્ધિ, શાંતિ અને પ્રગતિ લાવશે તેમજ ભારત-અમેરિકાની ભાગીદારીને નવી ઊંચાઈઓ પર પહોંચાડશે. ૧.૪ અબજ ભારતીયો વતી હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને અમેરિકાના લોકોને તમારા સ્વતંત્રતાના ઐતિહાસિક ૨૫૦મા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવું છું. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો માત્ર વ્યૂહાત્મક ભાગીદારીથી પણ આગળ છે. લોકશાહી, કાયદાના શાસન અને આપણા લોકોની અસીમ ક્ષમતામાં રહેલો આપણો સંયુક્ત વિશ્વાસ આપણી મિત્રતાને વૈશ્વિક કલ્યાણ માટેની એક મજબૂત શક્તિ બનાવે છે.આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શનિવારે અમેરિકાના સ્વતંત્રતાના ૨૫૦મા વર્ષની ઉજવણી નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમ યોજવાના છે. આ કાર્યક્રમ ઘણા અઠવાડિયાથી ચાલી રહેલી ઉજવણીનો સમાપન કાર્યક્રમ હશે, જેની કેટલાક વિરોધીઓએ ટીકા પણ કરી છે. તેમનો દાવો છે કે આ કાર્યક્રમો ઝડપથી રાજકીય પક્ષપાત તરફ આગળ વધી રહ્યા છે. સમગ્ર અમેરિકામાં લોકો પરંપરાગત 'ફોર્થ ઑફ જુલાઈ' (૪ જુલાઈ)ની ઉજવણી સાથે આ ઐતિહાસિક અવસરની ઉજવણી કરી રહ્યા છે. તેમાં આતશબાજી, પરેડ અને વિવિધ સમુદાયિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ફિલાડેલ્ફિયામાં ૬ કલાકનો કોન્સર્ટ યોજાઈ રહ્યો છે, જ્યારે ન્યૂયોર્ક શહેરમાં દુનિયાભરના મોટા જહાજોની પરેડનું આયોજન કરવામાં આવ્યું છે.પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત ગયા મહિને ફ્રાન્સમાં યોજાયેલા G7 શિખર સંમેલન દરમિયાન થઈ હતી. ફ્રાન્સના એવિયન-લે-બેન્સ વિસ્તારમાં યોજાયેલી આ બેઠક દરમિયાન ટ્રમ્પેઁ સ મોદી સાથેની પોતાની ચર્ચાને ખૂબ જ સારી ગણાવી હતી. આ બેઠક એટલા માટે પણ મહત્વપૂર્ણ હતી કે તે એવા સમયે થઈ હતી, જ્યારે બંને દેશો ટેરિફ વિવાદ, ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં મધ્યસ્થીને લઈને ટ્રમ્પના દાવા અંગેનો મતભેદ, ભારતીયોને અસર કરતા અમેરિકાના કડક ઈમિગ્રેશન પગલાં અને ઓમાન નજીક વ્યાપારી જહાજો સાથે જોડાયેલા અમેરિકન સૈન્ય હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત જેવા મુદ્દાઓને કારણે તણાવગ્રસ્ત બનેલા સંબંધોને ફરી સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

## આદિવાસી સમાજના દિગ્ગજ નેતા અને પૂર્વ વનમંત્રી મોહનસિંહ રાઠવાનુ નિધન : ૮૨ વરસની વયે લીધા અંતિમ શ્વાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકીય ક્ષેત્રે અને ખાસ કરીને આદિવાસી સમાજના હક્કો માટે લડતા મજબુત અગ્રણી નેતા તેમજ રાજયના પૂર્વ વનમંત્રી મોહનસિંહ રાઠવાનુ ૮૨ વરસની વયે દુ:ખદ અવસાન થયુ છે. તેઓ છેલ્લા લાંબા સમયથી નાદુરસ્ત તબિયતના કારણે સક્રિય રાજકારણથી થોડા દુર હતા અને ગંભીર બિમારી સામે લડી રહ્યા હતા.



જે બાદ તેમણે અંતિમ શ્વાસ લેતા છોટા ઉદેપુર સહિત સમગ્ર રાજયના રાજકીય જગત અને આદિવાસી પૂર્વ પટ્ટી પંથકમાં ઉંડા શોકની લાગણી વ્યાપી ગઈ છે. ૧૦ વખત ધારાસભ્ય તરીકે ચુંટાવવાનુ અધ્યત રેકોર્ડ ધરાવતા આ દિગ્ગજ નેતાની સફર પ્રેરણાદાયી રહી છે. મોહનસિંહ રાઠવા ગુજરાતના ઈતિહાસના સૌથી સીનીયર, કદાવર અને લોકપ્રિય આદિવાસી નેતાઓમાંથી એક માનવામાં આવતા હતા. તેમની રાજકીય કારર્કિદી ખુબ જ લાંબી અને પ્રભાવશાળી રહી હતી. પોતાના લાંબા રાજકીય જીવન દરમિયાન છોટા ઉદેપુર અને પાવી જેતપુર વિધાનસભા બેઠક પરથી અલગ અલગ ટર્મમાં તેઓ કુલ ૧૦ વખત ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. તેમણે ગુજરાત સરકારમાં પૂર્વ વનમંત્રી તરીકેની મહત્વની કેબિનેટ જવાબદારી પણ ખુબ જ નિષ્ઠાપૂર્વક સંભાળી હતી અને આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હતું. મોહનસિંહ રાઠવાની પ્રચંડ જનપ્રિયતાનો અંદાજ એ વાત પરથી સહેજે લગાવી શકાય છે કે તેઓ જમીન સાથે જોડાયેલા નેતા હતા અને અલગ અલગ વિસ્તારોમાંથી વારંવાર જંગી બહમુતીથી વિજેતા બનતા રહ્યા હતા. પાવી જેતપુર બેઠક તેઓ પોતાની પરંપરાગત આ બેઠક પરથી રેકોર્ડબ્રેક ૮ વખત ચુંટણી જીત્યા હતા. આ ઉપરાંત છોટા ઉદેપુર વિધાનસભા બેઠક પરથી તેઓ ૩ વખત ચુંટણી લડયા હતા અને ભવ્ય વિજય મેળવી વિસ્તારનુ પ્રતિનિધિત્વ કર્યુ હતું.

વર્ષ ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચુંટણી અગાઉ મોહનસિંહ રાઠવાએ પોતાના ૫૦ વરસના જુના પક્ષ કોંગ્રેસનો સાથ છોડીને વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરી મોટો રાજકીય નિર્ણય લીધો હતો. આ પક્ષ પલ્ટા બાદ ભાજપ દ્વારા તેમના કદ ને ધ્યાનમાં રાખીને તેમના પરીવાર પર ભરોસો મુકયો હતો અને તેમના નાના પુત્રને ટીકીટ આપી હતી. તેમના નાના પુત્ર રાજેન્દ્રસિંહ રાઠવાએ પિતાના વારસા અને પગલે ચાલીને ચુંટણી લડી હતી અને તેઓ હાલમાં છોટા ઉદેપુર વિધાનસભા બેઠકના ધારાસભ્ય તરીકે સક્રિયપણે કાર્યરત છે. જયારે મોહનસિંહ રાઠવાના મોટા પુત્ર પણ સહકારી ક્ષેત્રે ખુબ મોટુ નામ અને વર્ચસ્વ ધરાવે છે. તેઓ હાલ બરોડા ડેરીના ડીરેકટર તરીકે પ્રશંસનીય સેવાઓ આપી રહ્યા છે. મોહનસિંહ રાઠવાની ઓળખ માત્ર એક મુત્સદી રાજકારણી તરીકે નહી પરંતુ આદિવાસી સમાજની પડખે ઉભા રહેનારા સાચા જનસેવક તરીકેની હંમેશા અમર રહેશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# હવે ભારતની દીકરીઓ માત્ર ચૂલો નહિ સળગાવે, ચીપ્સ પણ બનાવશેઃ વડાપ્રધાનશ્રીએ જેમનો ઉલ્લેખ કર્યો તે દીકરીઓની સાફલ્યગાથા





૦૪ જુલાઈ ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે સાણંદમાં CG સેમિની OSAT સુવિધા અંતર્ગત ચીપ્સના વ્યવસાયિક ઉત્પાદનનો શુભારંભ કરાવવામાં આવ્યો છે. આ પ્રસંગે ભારતના સેમિકન્ડક્ટર મિશનની સફળતામાં દેશની દીકરીઓના યોગદાન અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, “અહીં કામ કરતી બહેનો-દીકરીઓ, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોના ટ્રાઈબલ બેલ્ટમાંથી અહીં આવી છે. આ દીકરીઓએ જ્યારે મને ફેક્ટરી બતાવી, ત્યારે ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે દરેક પ્રક્રિયા વિશે વિગતવાર સમજાવ્યું. સામાન્ય પરિવારોમાં ઉછરેલી, સામાન્ય શાળાઓમાં ભણેલી અને ITIમાંથી શિક્ષણ મેળવેલી આ દીકરીઓ આજે અદભૂત કામ કરી રહી છે." વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, “એક સમય એવો હતો કે આપણા અહીં કોઈ ITIમાં ભણતું હોય તો માતા-પિતાને તેનો ઉલ્લેખ કરવામાં પણ શરમ આવતી હતી. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. ભલે તેમનું શિક્ષણ ITIમાં થયું હોય, પરંતુ તેમના સપનાઓ અસાધારણ છે. આ દીકરીઓમાંથી ઘણી એવી છે કે જેમના પરિવારમાં કોઈએ ક્યારેય પાસપોર્ટ પણ નહોતો બનાવ્યો, પાસપોર્ટ જોયો પણ ન હતો. વિદેશ જવાની વાત તો દૂર, ઘણી દીકરીઓએ તો દિલ્હી કે મુંબઈ પણ જોયાં નહોતાં.પરંતુ આજે એ જ દીકરીઓ તાલીમ માટે મલેશિયા ગઈ, વિશ્વની અત્યાધુનિક સેમિકન્ડક્ટર ટેક્નોલોજી શીખી, અને આજે તેઓ સૌ ’મેડ ઈન ઈન્ડિયા’ સેમિકન્ડક્ટર ચીપ્સના ઉત્પાદનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.’’

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ જે દીકરીઓની વાત કરી તેમાંથી અમુક દીકરીઓએ તેમની કહાણી રજૂ કરી છે. તેમાં ઝારખંડના ગિરિડીહ જિલ્લાની રહેવાસી પુનમ કુમારી, ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાની રહેવાસી પ્રિયંકા ધનવાર અને મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લાની રહેવાસી શિવાની ઉઈકેઈએ તેમના અનુભવ જણાવ્યા હતા. આ ત્રણેય દીકરીઓ સીજી સેમિ પ્લાન્ટમાં ઓપરેટર તરીકે મશીન પર કામગીરી કરે છે. પુનમ કુમારીના પિતા હયાત નથી અને તેઓ તેમના માતા સાથે રહે છે. પુનમ કુમારીના જણાવ્યા પ્રમાણે, “હું ક્યારેય ઝારખંડની પણ બહાર નથી ગઈ. અમને મલેશિયા તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા. અમને તાલીમમાં કોઈ ચીજ ન સમજાય તો હિન્દીમાં પણ સમજાવે છે અને પ્રેક્ટિકલી પણ સમજાવવામાં આવે છે.’’ પ્રિયંકા ધનવારે કહ્યું કે તેમની આ સફળતાના લીધે તેમના માતા-પિતાએ ગર્વની અનુભૂતિ કરી છે. તેમના ઘરેથી તેઓ પહેલી વ્યક્તિ છે જેમણે વિદેશયાત્રા કરી છે. મધ્યપ્રદેશની શિવાનીએ કહ્યું કે, “અમારી સફળતા જોઈને માતા-પિતાની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા હતા. સીજી સેમિ સાથે અમે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ.’’

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં લેવાયેલા ખેડૂત હિતલક્ષી નિર્ણયનો આજે સાંજે વિગતવાર પરિપત્ર જાહેર કરાયો

# ખેડૂતોના હિતમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયનો માત્ર ૨૪ કલાકમાં જ પરિપત્ર જાહેર

ગુજરાતના ખેડૂતોના આર્થિક હિતોને સર્વોપરી રાખીને રાજ્ય સરકાર દ્વારા વીજ ટાવર અને લાઇન વળતરમાં માતબર વધારો કરવાનો એક ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગઈકાલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોના વ્યાપક હિતમાં બમણું વળતર આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. સરકારની ખેડૂતો પ્રત્યેની સંવેદનશીલતા અને જવાબદારીના પરિણામે, ટૂંક જ સમયમાં માત્ર ૨૪ કલાક જેટલા સમયમાં જ આ નિર્ણયનો વિગતવાર પરિપત્ર સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ સરકારની ત્વરિત અને સુદ્રઢ કાર્યશૈલીની સરાહના કરતા ઉમેર્યું હતું કે, આટલા મોટા અને વ્યાપક નિર્ણયમાં મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, વિવિધ વિભાગોના મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ સહિતના તમામ હિતધારકો સાથે ખૂબ જ ઝડપથી સંકલન સાધવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત મુલાકાતને કારણે વહીવટી તંત્ર અત્યંત વ્યસ્ત હોવા છતાં, ખેડૂતોના કામમાં સહેજ પણ વિલંબ ન થાય તે માટે આ મહત્વપૂર્ણ નિર્ણયનો પરિપત્ર આજે સાંજે જારી કરી દેવાયો છે, જે રાજ્ય સરકારની કાર્યક્ષમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ફરી એકવાર સાબિત કર્યું છે કે, તે જગતના તાતની પડખે ઊભી રહેનારી અને આપેલા વચનોને ઝડપથી પૂરા કરનારી મક્કમ તથા સંવેદનશીલ સરકાર છે. આ નિર્ણયથી રાજ્યના અનેક ખેડૂતોને પોષણક્ષમ વળતર અને આર્થિક રાહત મળશે.

# રાજયની ગ્રાન્ટેડ શાળાઓને હવે પટ્ટાવાળાના પગાર માટે અલગથી ગ્રાન્ટ અપાશે







પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ગ્રાન્ટેડ શાળાઓમાં પટ્ટાવાળાની ખાલી જગ્યાઓ એજન્સી દ્વારા આઉટસોર્સ થી ભરવામાં આવે છે, અને એજન્સીને નિભાવ ગ્રાન્ટમાંથી રકમ ચુકવવામાં આવતી હતી. આ અંગે શાળા સંચાલકોની રજુઆત બાદ શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પટ્ટાવાળા માટે એજન્સીને ચુકવવાની રકમ સંસ્થાને મળતી નિભાવ ગ્રાન્ટમાંથી નહી આપવી પડે. પરંતુ નિભાવ અનુદાન તરીકે શાળાઓને અલગથી ગ્રાન્ટ આપવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા કમિશ્નર શાળાઓની કચેરીને પરીપત્ર કરી અલગથી ગ્રાન્ટ આપવાનો નિર્ણય લીધો છે. તેમજ ગ્રાન્ટની ચુકવણી કર્યા બાદ તેનો રીપોર્ટ જે તે જિલ્લા શિક્ષણાધિકારીને સોંપવો પડશે.

રાજયમાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કાર્યરત બિન શૈક્ષણિક વર્ગ-૪ ના કર્મચારીઓના ભથ્થાં અને પગારની ચુકવણીને લઈને લાંબા સમયથી ચાલતી સર્જાતી ગુંચવણનો અંત આવ્યો છે. શાળાઓને આપવામાં આવતી ગ્રાન્ટને લઈને શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગે કમિશ્નર શાળાઓની કચેરી ને પરીપત્ર કરીને ગ્રાન્ટેડ શાળાઓને અલગથી ગ્રાન્ટ આપવા માટે જણાવ્યુ છે.

પટ્ટાવાળાની સેવા માટે એજન્સીઓને ચુકવવામાં આવતી રકમ શાળાઓએ નિભાવ ગ્રાન્ટમાંથી આપવાની નથી. હવે ગ્રાન્ટેડ શાળાઓને નિભાવ અનુદાન તરીકે પટ્ટાવાળાની સેવા માટે એજન્સીઓને ચુકવવા અલગથી ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ ઘણી ગ્રાન્ટેડ શાળાઓમાં સમસ્યા એ હતી કે સરકારે બિન શૈક્ષણિક વર્ગ-૪ ની સેવાઓ ચાલુ રાખવાની મંજુરી તો આપી હતી. પરંતુ તેમની ચુકવણી માટે અલગથી ગ્રાન્ટ આપવામાં આવતી ન હતી. જેથી શાળાઓએ ભાડા, લાઈટબીલ ની સાથે સાથે એક જ ગ્રાન્ટમાંથી પટ્ટાવાળાની સેવા માટે એજન્સીઓને રકમ ચુકવવી પડતી હતી. જેને લઈને રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા અલગથી ગ્રાન્ટ આપવા માટે શિક્ષણ વિભાગ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. જેથી એક જ ગ્રાન્ટમાંથી રકમ ચુકવવાની હોવાથી અનેક જગ્યાએ કર્મચારીઓના મહિનાઓ સુધીના પગાર અટવાઈ જતા હોવાની પણ રજુઆતો કરવામાં આવી હતી.

શાળા સંચાલક મંડળો અને કર્મચારી સંગઠનોએ શિક્ષણ વિભાગ સમક્ષ વારંવાર રજુઆત કરીને સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવાની માંગ કરી હતી. જેને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓને પટ્ટાવાળાઓની સેવા માટે એજન્સીઓને ચુકવવામાં આવતી રકમ માટે અલગથી ગ્રાન્ટ આપવાનુ નકકી કરવામાં આવ્યુ છે. જેથી આઉટસોર્સ વર્ગ-૪ કર્મચારીઓના પગાર અને ભથ્થાની ચુકવણી ગ્રાન્ટેડ શાળાઓને અલગથી આપવામાં આવતી નિભાવ અનુદાન ગ્રાન્ટમાંથી કરવામાં આવશે.

# પ્રવાસીઓની ચહલપહલથી જીવંત થયું સાપુતારા હિલ સ્ટેશન

(સંપૂર્ણ સમાચાર સેવા)સાપુતારા

ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી સાથે જ રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં પ્રવાસન સિઝનનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ચારેબાજુ છવાયેલી હરિયાળી, ગાઢ ધુમ્મસની ચાદર અને વરસાદી માહોલની મજા માણવા માટે સમગ્ર રાજયમાંથી પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલતા પ્રકૃતિપ્રેમીઓ માટે સાપુતારા હાલ પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે, જેના કારણે લાંબા સમય પછી આ હિલ સ્ટેશન ફરી એકવાર પ્રવાસીઓની ચહલપહલથી જીવંત બની ગયું છે. ચોમાસાના પ્રારંભ સાથે જ સાપુતારાના ડુંગરોએ લીલીછમ ચાદર ઓઢી લીધી છે. પહાડો વચ્ચેથી પસાર થતું ગાઢ ધુમ્મસ અને સતત વરસતા વરસાદી ઝાપટાં પ્રવાસીઓ માટે અદભુત આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સાપુતારાના હાર્દ સમાન સર્પગંગા તળાવમાં બોટિંગનો આનંદ માણવા માટે સવારથી જ સહેલાણીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. પ્રવાસીઓ આ નયનરમ્ય અને યાદગાર ક્ષણોને પોતાના કેમેરા અને મોબાઈલમાં કેદ કરતા નજરે પડી રહ્યા છે. તળાવ ઉપરાંત સાપુતારાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ ‘ટેબલ પોઈન્ટ’ પર પણ ભારે ભીડ ઉમટી રહી છે. અહીં આવેલા પ્રવાસીઓ, ખાસ કરીને બાળકો અને યુવાનો, ઘોડેસવારી, ઊંટસવારી અને વિવિધ પ્રકારની એડવેન્ચર એક્ટિવિટીઝનો રોમાંચ માણી રહ્યા છે. વીકએન્ડ દરમિયાન શનિ-રવિવારની રજાઓમાં પ્રવાસીઓની સંખ્યા એટલી વધી ગઈ છે કે સાપુતારાની તમામ સરકારી અને ખાનગી હોટલો તેમજ રિસોર્ટ્સ અત્યારથી જ લગભગ હાઉસફુલ થઈ ગયા છે. આ પ્રવાસીઓના અભૂતપૂર્વ ધસારાને કારણે સ્થાનિક અર્થતંત્રને મોટો વેગ મળ્યો છે. હોટેલ ઉદ્યોગની સાથે-સાથે સ્થાનિક વેપારીઓ, નાના નાના સ્ટ્રીટ વેન્ડરો, ખાણી-પીણીની લારીઓવાળા અને ગાઈડ્સ સહિતના નાના ધંધાર્થીઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના મતે જો આગામી દિવસોમાં પણ વરસાદી વાતાવરણ આવું જ જળવાઈ રહેશે, તો પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પાનસરમાં ’શાંતિ નિવાસ’ હોસ્ટેલનું ઉદ્ઘાટન અને ’વલ્લભ વિદ્યાવિહાર’ શાળાનું ભૂમિ પૂજન સંપન્ન

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ’વ્યથામાંથી વ્યવસ્થા’ના વિઝનથી વિચરતી-વિમુક્ત જાતિઓને મળ્યું સન્માનજનક ’સરનામું’ અને નવી ઓળખઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ








મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે કલોલ તાલુકાના પાનસર ખાતે વિચરતા સમુદાય સમર્થન મંચ અને ડો. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન સંચાલિત ’શાંતિ નિવાસ’ હોસ્ટેલનું ઉદ્ઘાટન અને ’વલ્લભ વિદ્યાવિહાર’ શાળાનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાના વિદ્યાર્થીઓને પુસ્તકો આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીઃ-

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું બાળપણ એક અત્યંત સામાન્ય અને ગરીબ પરિવારમાં વીત્યું હતું, પરંતુ તેમણે ક્યારેય પોતાની પરિસ્થિતિની વ્યથા રજૂ કરી નથી. એમણે હંમેશા ’વ્યથામાંથી વ્યવસ્થા’ તરફ આગળ વધવાનો માર્ગ અપનાવ્યો છે. વડાપ્રધાનશ્રીનું ચિંતન હંમેશાં એ જ રહ્યું છે કે સમાજમાં એવી કઈ કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં આવે જેનાથી ગરીબો અને વંચિતોની વ્યથા કાયમ માટે બંધ થઈ જાય.

વર્ષોથી ભટકતું જીવન જીવતી આપણી વિચરતી અને વિમુક્ત જાતિના ભાઈ-બહેનોને સમાજમાં સન્માનજનક સ્થાન અને પોતાનું કાયમી ’સરનામું’ મળે, એ દિશામાં પહેલું મક્કમ પગલું શ્રી નરેન્દ્રભાઈએ જ માંડ્યું હતું. અને તેમના એ જ વિઝનને પરિણામે આજે સમગ્ર ગુજરાતમાં આ ક્ષેત્રે ખૂબ જ અભૂતપૂર્વ અને કલ્યાણકારી કાર્યો થઈ રહ્યા છે. જયારે માણસને પોતાનું સ્થાયી સરનામું મળે છે ત્યારે જ તેની સાચી ઓળખ ઊભી થાય છે, અને જયારે ઓળખ મળે ત્યારે જ તેને સમાજમાં પોતાના તમામ હકો સહેલાઈથી મળી શકે છે. આજે આ તમામ ભગીરથ કાર્યો સંસ્થા દ્વારા વંચિત સમાજને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે થઈ રહ્યા છે, તે ખૂબ પ્રશંસનીય છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિ આપણને શીખવે છે કે સત્કાર્યમાં માત્ર આંગળી ચીંધવી એ પણ ખૂબ મોટું પુણ્ય છે. આજે તમે એ પરિવારોનો વિચાર કરો કે જે માણસો રોજબરોજ માત્ર એ જ ચિંતામાં જીવતા હોય કે કાલે સવારે ક્યાં જઈશું? આપણને ત્યાં જમીન મળશે કે નહીં? રહેવા-જમવાનું અને બાળકોના ભવિષ્યનું શું થશે? આવી અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે જીવતા આપણા વિચરતી અને વિમુક્ત જાતિના ભાઈ-બહેનો માટે જો કોઈ રહેવાથી માંડીને બાળકોના ભણવા અને જમવા સુધીની તમામ વ્યવસ્થાઓ પૂરી પાડે, તો એ કેટલું મોટું પુણ્યનું કામ કહેવાય!

આપણા જીવનનું એક આખું ચક્ર હોય છે, જે દરમિયાન આપણે સતત પ્રગતિ તરફ આગળ વધીએ છીએ. પણ એકવાર જીવનમાં સ્થિરતા આવે, કોઈ યોગ્ય હોદ્દો કે પોઝિશન મળે, ત્યારે માણસના મનમાં સહજ વિચાર આવે છે કે હવે મારે સમાજ માટે કંઈક કરવું છે. સમાજ અને લોકો માટે પાણીની ટાંકી બનાવવી, સ્કૂલ ઊભી કરવી કે હોસ્પિટલના કાર્યોમાં મદદરૂપ થવું, આ બધા સેવાના વિચારો મનમાં ત્યારે જ જાગે, જ્યારે આપણે પોતે જે મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થયા છીએ, આજે એ જ પરિસ્થિતિમાં જીવી રહેલા છેવાડાના માણસનો આપણે હરહંમેશ વિચાર કરીએ. પોતાના ભૂતકાળને ભૂલ્યા વગર સમાજના વંચિતો માટે કંઈક કરી છૂટવાની આ જ સંવેદનશીલતા અને સેવાની પ્રેરણા, હંમેશા વડાપ્રધાનશ્રીના જીવનમાંથી મળ્યા કરે છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગત રોજ ગુજરાતમાં ત્રીજી સેમિકન્ડક્ટર કંપનીની શરૂઆત થઈ છે. દેશ આજે ટેકનોલોજી અને ઉદ્યોગોમાં વૈશ્વિક ક્ષિતિજો સર કરી રહ્યો છે, છતાંય વડાપ્રધાનશ્રીના ચિંતનમાં આજે પણ નાનામાં નાના માણસનો વિચાર અને સ્વચ્છતા જેવી પાયાની બાબતો એટલી જ અગ્રતા પર છે. સામાન્ય રીતે આપણા ઘરમાં ૧૦ સભ્યોનું ફેમિલી હોય, તોય જેમ જેમ પૈસા વધતા જાય એમ આપણે નાની-નાની જવાબદારીઓ છોડતા જઈએ છીએ કે હવે આ મારાથી ના થાય, તું જાતે કરી લે. પણ વડાપ્રધાનશ્રીએ દેશના દરેક ક્ષેત્રે પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે. આજે ભારત દુનિયાની સામે ગર્વથી ઊભું છે અને વૈશ્વિક સ્તરે ભારતની નોંધ લેવાય છે, એવું ગૌરવ વડાપ્રધાનશ્રીએ આપણને અપાવ્યું છે. સર્વસમાવેશી વિકાસની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે સૌએ વડાપ્રધાનશ્રીના ’વિકસિત ભારત’ના સ્વપ્નને સાકાર કરવા ખભેખભા મિલાવીને સાથ આપવાનો છે. વિકસિત ભારત માટે ’વિકસિત ગુજરાત’ અનિવાર્ય છે. પણ વિકસિત ગુજરાત ક્યારે બને? કોઈ એક-બે કે દસ શહેરો આગળ આવી જશે તો વિકાસ અધૂરો ગણાશે. જયારે સમાજનો છેવાડાનો માણસ, નાનામાં નાનો માનવી વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાશે, ત્યારે જ સાચા અર્થમાં વિકસિત ગુજરાત બનશે અને તેના થકી વિકસિત ભારતનું નિર્માણ થશે.

અહીં ઉપસ્થિત બાળકોની આખી પેઢીની હજુ તો ભણવાની શરૂઆત થઈ છે. શિક્ષણના માધ્યમથી આ નવી પેઢી જયારે સક્ષમ બનીને બહાર નીકળશે, ત્યારે સમાજનું ચિત્ર બદલાશે. આખી પેઢીને અને સમગ્ર સમાજને સન્માનભેર બહાર લાવવાનું આ જે ખૂબ મોટું અને પવિત્ર કાર્ય થઈ રહ્યું છે, તેમાં આપણને બધાને સહભાગી થવાની તક મળી છે એ આપણા સૌના માટે અત્યંત ગૌરવની વાત છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સાચા અર્થમાં જેનું કોઈ નથી, એની આ ‘વિચરતા સમુદાય સમર્થન મંચ’-VSSM સંસ્થા છે. ઉપર આકાશ અને નીચે ધરતી હોય તેવા ઘરવિહોણા અને પોતાના બાળકોને ભણાવવા માટે સંઘર્ષ કરતા વિચરતી-વિમુક્ત જાતિના લોકો માટે આ સંસ્થા ખૂબ મહત્વનું કાર્ય કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ’અંત્યોદય’ની વિચારધારા થકી છેવાડાના વ્યક્તિની ચિંતા કરીને દેશભરમાં અનેક ઘર વિહોણા પરિવારોને પાકા ઘર આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે પણ આ સંસ્થાને કોલોની કે પ્લોટ બાંધવા માટે વિવિધ સહાય કરી છે, તે ખૂબ સરાહનીય કાર્ય છે.

શ્રી વિશ્વકર્માએ વધુમાં કહ્યું હતું કે, સંસ્થા દ્વારા આ વિચરતી અને વિમુક્ત જ્ઞાતિના દીકરા-દીકરીઓ તથા વડીલો જે પરંપરાગત વ્યવસાયો સાથે જોડાયેલા છે, તેમની હાથવણાટની કે હેન્ડીક્રાફટની વસ્તુઓનું એક સારું પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવે. આ ઉપરાંત સરકારના માધ્યમથી તેમને યોગ્ય ટ્રેનિંગ પણ અપાવવામાં આવશે, જેથી તેઓ વધુ સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ બનાવીને પોતાનો આર્થિક વિકાસ સાધી શકે. શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ખાદી ખરીદવાની શરૂઆત કરાવી હતી અને આજે તે વૈશ્વિક ફેશન બનીને દોઢ લાખ કરોડ કરતા વધુના ટર્નઓવર પર પહોંચી છે, તેવી જ રીતે આ વિચરતી જાતિના પરિવારોની પ્રોડક્ટ્સને પણ ભવિષ્યમાં ’જીઆઈ ટેગ’ મળે અને તેમનું બજાર વિસ્તરે તે માટે સરકાર હંમેશા તેમની સાથે છે.

આ પ્રસંગે VSSMના સ્થાપક ટ્રસ્ટી શ્રી મિત્તલબેન પટેલે શાબ્દિક સ્વાગત કરતાં કહ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલતા અને સમગ્ર વહીવટી તંત્રના સહકારને પરિણામે વિચરતી જાતિઓના કલ્યાણ માટે અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત આ સંસ્થામાં વિવિધ સ્વરૂપે દાન આપનારા ભામાશાઓના લીધે જ આજે ૨ હજારથી વધુ ઘરનું નિર્માણ, ૧૩ હજાર પરિવારોને સ્વાવલંબી બનાવવા લોન, ૪૭૦ તળાવો ઊંડા કરવા અને વૃક્ષપરોપણ જેવા ભગીરથ કાર્યો શક્ય બન્યા છે.

શ્રી મિત્તલબેને આપણી ‘વસુધૈવ કુટુંબકમ્’ની સંસ્કૃતિને યાદ અપાવતા, સમાજના શ્રેષ્ઠીઓને પણ અપીલ કરી હતી કે તેઓ પોતાની ધન-સંપદાનો અમુક ભાગ આ વાદી, મદારી, સરાણીયા અને કાંગસિયા જેવા પરિવારોના ઉત્કર્ષ માટે વાપરે. અંદાજે ૨૦ વર્ષ પહેલાં તંબુશાળાથી શરૂ થયેલી આ સફર આજે અનેક કાર્યકરોની રાત-દિવસની મહેનતથી એક ભવ્ય શૈક્ષણિક સંકુલ સુધી પહોંચી છે. ભારતના અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતમાં વિચરતી જાતિઓ માટે જે અભૂતપૂર્વ કાર્ય થયું છે, તે ખરેખર ગૌરવપ્રદ છે. આ પ્રસંગે કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, ગાંધીનગરના કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે, શ્રી ભગવાનદાસ પંચાલ, દાતા શ્રી રોનકભાઈ નાયક, આરતી પરિવાર સંકુલની ભૂમિના દાતા શ્રી ચંદ્રકાન્તભાઈ ગોગરી, ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી ઉદયભાઈ દેસાઈ, શ્રી પ્રતુલભાઈ શ્રોફ, VSSMના પ્રમુખ શ્રી લીલાધર ગડા, ટ્રસ્ટીગણ, સામાજિક અગ્રણીઓ, શાળા પરિવારના સભ્યો તેમજ મોટી સંખ્યામાં વિચરતા સમુદાયના પરિવારો અને બાળકો ઉત્સાહભેર હાજર રહ્યા હતા.

# અમદાવાદની સોલા સીવીલમાં નમો સ્વચ્છતા અભિયાન એકશન મોડમાં




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રેરણા અને આરોગ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં નમો સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યુ છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદની સોલા સીવીલ હોસ્પિટલમાં સ્વચ્છતા અને દર્દી સુરક્ષાને કેન્દ્રમાં રાખી વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

રાજય સરકારના નમો સ્વચ્છતા અભિયાન અંતર્ગત અમદાવાદની સોલા સીવીલ હોસ્પિટલમાં સ્વચ્છતા અને દર્દી સુરક્ષાને કેન્દ્રમાં રાખી વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. હોસ્પિટલના વિવિધ વિભાગોમાંથી અંદાજે ૭૯ કિલો ધન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે ૧૫૯ બિન ઉપયોગી મેડીકલ સાધનો તેમજ ૧૩૬૫ કન્ડમ વસ્તુઓને નિયમ મુજબ સ્ક્રેપ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

હોસ્પિટલના રેસીડન્ટ મેડીકલ ઓફીસર ડો. હેમાંગીની પટેલે જણાવ્યુ હતુ કે હોસ્પિટલજન્ય ચેપ (નોઝોકોમીયલ ઈન્ફેકશન) ઘટાડવાના ઉદેશ સાથે માઈક્રો લેવલ પર સફાઈ, જંતુમુકિતકરણ અને બિનજરૂરી સામગ્રી દુર કરવાની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. દર્દીઓ માટે સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ સર્જવા સમગ્ર હોસ્પિટલમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. અભિયાન દરમિયાન હોસ્પિટલના ઈન્ડોર, આઉટડોર, કંપાઉન્ડ અને શૌચાલય સહિતના તમામ વિસ્તારોમાં સઘન સફાઈ કરવામાં આવી છે. ઉપરાંત ૫૦૮ અગ્નિસામક યંત્રોનુ રીફીલીંગ અથવા નવુ ઈન્સ્ટોલેશન પૂર્ણ કરવામાં આવ્યુ છે. સુવિધાઓના જાળવણી કાર્યમાં ૩૧૯ નળોની તપાસ દરમિયાન ૫૬ નળોનુ સમારકામ કરવામાં આવ્યુ, બદલવામાં આવ્યા, વીજ વ્યવસ્થામાં ૬૩ બલ્બ અને ૨૨ પંખાઓનુ સમારકામ કરીને દર્દીઓ અને તેમના સ્વજનોને વધુ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હોસ્પિટલના કુલ ૫૭૫ ફર્નીચર, મેડીકલ અને આઈટી સાધનોમાંથી ૧૦૩ વસ્તુઓને રીપેર કરીને ફરી ઉપયોગલાયક બનાવવામાં આવી છે.

ડોકટર પટેલના જણાવ્યા મુજબ હોસ્પિટલમાં વપરાતી આશરે ૩૦૦ જુની ચાદરો, ઓશીકાના કવર અને ગાદલા પણ તબકકાવાર બદલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાથે જ તમામ મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફને બાયોમેડીકલ વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ માટે કલર કોર્ડિંગ આધારીત વિશેષ તાલીમ આપવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે હોસ્પિટલના દરેક ફલોર, દિવાલો, બારીઓ, કાચ અને પંખાઓની નિયમિત સફાઈ ઉપરાંત ટોઈલેટ, બાથરૂમ, તુટેલી ટાઈલ્સ સહિતના સીવીલ રીપેરીંગના કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા કોઈ એક દિવસનુ અભિયાન નહી પરંતુ વર્ષભર ચાલતી સતત પ્રક્રિયા છે અને હોસ્પિટલજન્ય ચેપ નુ પ્રમાણ ઘટાડવા માટે તંત્ર સંપૂર્ણપણે પ્રતિબધ્ધ છે. આ દરમિયાન હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનોએ પણ હોસ્પિટલની સ્વચ્છતા અને સેવાઓની પ્રશંસા કરી હતી.

# બદ્રીનાથ મંદિરમાં પણ દાનની રકમની ચોરી?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત ઉત્તરાખંડના બદ્રીનાથ મંદિરમાં દાનની રકમમાં ચોરીનો આરોપ મુકવામાં આવ્યો છે. અને એના પગલે તપાસ શરૂ કરવામાં આવી છે. ભૈરવ સેનાએ મુકેલા આ આરોપોએ સનસનાટી મચાવી લીધા બાદ હવે મંદિર સમિતિના કર્મચારીઓ અને મંદિર સમિતિના પ્રમુખના પર્સનલ આસિસ્ટન્ટ (P.A) ને નોટીસ ફટકારવામાં આવી છે. રામ મંદિરમાં દાન ચોરીના વિવાદ બાદ બદ્રીનાથ ધામમાં પણ આવા આરોપો થતા ભાવિકોની લાગણી દુભાઈ છે. ભૈરવ સેનાના પ્રમુખ સંદીપ ખત્રીએ મંદિર સમિતિના પ્રમુખ કાર્યકારી અધિકારી સોહન સિંહ રાગઢ ને પત્ર લખીને પ્રસાદમાં કથિત ગેરરીતિઓની તપાસની માંગણી કરી છે.

### ચોમાસા ને ધ્યાને લઈને SMCના આરોગ્ય અને ફૂડ વિભાગે કરેલી કામગીરી

# ૮૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવા સાથે ૭૭ સંસ્થાઓને પાઠવી નોટિસ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત
સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા કરાયેલી કાર્યવાહીમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી શહેરની ૭૭ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી છે. FSSAI ની ફૂડ સેફ એપ દ્વારા ફેર નિરીક્ષણમાં ૧૫૩ સંસ્થાઓમાં આરોગ્ય લક્ષી ખામીઓ મળી આવી છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગે શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. FSSAI ની ફૂડ સેફ એપ ધ્વારા ફેર નિરીક્ષણ દરમ્યાન પાલિકા દ્વારા ૮૦ કિલો જેટલા અખાદ્ય પદાર્થોના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. ઉપરાંત આરોગ્ય અને ફૂડ વિભાગે સંસ્થાઓમાંથી દૂધ અને દૂધની બનાવટના ૪૩, ખાદ્ય તેલ અને ઘી ના ૧૩, મરી મસાલા ના ૨૯ સહિત કુલ ૩૪૪ સેમ્પલ લીધા છે. ઉપરાંત ૪૨૯ એન્ફોર્સમેન્ટ અને સર્વેલન્સ સેમ્પલ પણ તપાસ માટે મોકલાયા છે. શહેરની ૧૫ દૂધ વિતરણ કરતી સંસ્થાઓમાંથી દૂધના સેમ્પલ લઈ પબ્લિક હેલ્થ લેવામાં મોકલાયા છે. આગામી દિવસોમાં રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી કરવામાં આવશે.

# શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા મીડીયાથી કેમ અંતર રાખે છે? મંત્રી દ્વારા એવા તે કેવા કામો થયા છે જે મંત્રી મીડીયા આગળ જવાબ આપવા તૈયાર નથી



પ્રતિનિધિ,ગાંધીનગર
રાજય સરકારના કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજા પાસે શિક્ષણની સાથે સાથે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગનો હવાલો પણ છે. પરંતુ મંત્રી મીડીયાના સવાલોના જવાબ આપવામાં કેમ અંતર રાખી રહ્યા છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. શિક્ષણમંત્રી દ્વારા અગાઉના પૂર્વ શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર અને મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા લેવાયેલા નિર્ણયોને કેમ રદ બાતલ ઠેરવ્યા છે ? શું પૂર્વ શિક્ષણ મંત્રીઓએ કરેલા નિર્ણયોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો ? જો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તો મંત્રી પ્રદ્યુમન વાજા એ આ ભ્રષ્ટાચારનો બહાર લાવવો જોઈએ અથવા મીડીયાની સામે આવી પૂર્વ શિક્ષણ મંત્રીઓએ લીધેલા નિર્ણયોને રદબાતલ કરવા પાછળના કારણો દર્શાવવા જોઈએ. શિક્ષણ મંત્રી વાજાના રાજ માં ભ્રષ્ટાચારે માજા મુકી છે.

શિક્ષણ મંત્રી પાસે પુરતી શિક્ષણ વિભાગની જાણકારી ન હોવાને કારણે કાર્યાલયે બેસતા શિક્ષણ વિભાગના અધિકારીને ઘી કેળા થઈ ગયા છે.

જો મંત્રી ભ્રષ્ટાચાર આચરવામાં સહયોગ આપતા ન હોય તો મીડીયા સામે આવી મીડીયાના પુછેલા પ્રશ્નોના જવાબ આપવા જોઈએ તેવુ પ્રજા ઈચ્છી રહી છે.

# ભાજપ કાઉન્સિલરના જન્મ દિવસ પર ફાર્મ હાઉસમાં દારૂની મહેફીલ સજી: વિડીયો વાયરલ થતા ખળભળાટ



પ્રતિનિધિ,ગાંધીનગર
ગુજરાતમાં દારૂબંધીના દાવા વચ્ચે હાલ ફરી એકવાર કાયદાના ધજાગરા ઉડાવતો કિસ્સો બહાર આવ્યો છે. અમદાવાદ શહેરમાં દારૂબંધીના ધજાગરા ઉડાવતો દારૂની પાર્ટીનો વિડીયો વાયરલ થયો છે. સોશીયલ મીડીયામાં વાયરલ થઈ રહેલા આ વિડીયો મામલે ચોંકાવનારી બાબત એ છે કે આ દારૂની પાર્ટીના વાયરલ વિડીયોમાં સત્તાની દોર જેના હાથમાં છે તેવા સત્તાધારી પક્ષ ભાજપના જ કાઉન્સિલર નજરે ચઢી રહ્યા છે.

વાયરલ વિડીયોમાં અગાઉ ચર્ચામાં આવી ચુકેલા ભાજપ કાઉન્સિલર સની ખાનચંદાની હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ત્યારે આ વાયરલ વિડીયોએ હાલ ફરી એકવાર ખળભળાટ મચાવી દીધો છે. મળતી માહિતી મુજબ અમદાવાદ સરદારનગરના ભાજપ કાઉન્સિલર સની ખાનચંદાનીએ ગઈ કાલે તારીખ ૪ જુલાઈએ પોતાના જન્મદિવસની ઉજવણી કરવા માટે એક ફાર્મ હાઉસમાં ખાસ પાર્ટીનુ આયોજન કર્યુ હતું. આ બર્થ ડે પાર્ટીમાં તેમણે પોતાના અંગત મિત્રો સાથે મળીને કાયદાનો કોઈપણ ડર રાખ્યા વિના ખુલ્લેઆમ દારૂની મહેફીલ માણી હતી. વાયરલ વિડીયોમાં પણ ભાજપ કાઉન્સિલર સની અને તેમના મિત્રો દારૂની બોટલો સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. ત્યારે દારૂબંધીના દાવાને પડકાર ફેંકતા આ વાયરલ વિડીયોએ હાલ સમગ્ર અમદાવાદ શહેરમાં અને રાજકીય વર્તુળમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

નોંધનીય છે કે સરદારનગરના કાઉન્સિલર સની ખાનચંદાની આ પહેલીવાર ચર્ચામાં નથી આવ્યા, આ અગાઉ પણ તેઓ અનેક વખત વિવાદોમાં આવી ચુકયા છે. આ પહેલા પણ તેમની આવી જ શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને દારૂ બીયરની બોટલો સાથેના ફોટોગ્રાફસ સોશીયલ મીડીયા માં વાયરલ થઈ ચુકયા છે. ત્યારે અગાઉના વિવાદોમાંથી કંઈક શીખવાને બદલે નેતાજી ફરી એકવાર દારૂની પાર્ટી કરતા કેમેરામાં કેદ થતા ભાજપની શિસ્ત અને દારૂબંધીની નિતી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ખેડા જિલ્લામાં ભાજપ નેતાના પુત્રનુ નામ પણ લાખોની કિંમતના દારૂની હેરાફેરીમાં નામ ખુલ્યુ હતું. એસએમસી (સ્ટેટ મોનીટરીંગ સેલ) દરોડામાં કપડવંજ તાલુકા પંચાયતની વઘાસ બેઠકના ભાજપના સદસ્ય મફતભાઈ ઝાલા ના પુત્ર લીકન ઝાલાને દારૂની મોટી ખેપ મારતા રંગે હાથ ઝડપી લીધો હતો. ભાજપ નેતા મફતભાઈ ઝાલાના પુત્ર લીંકન ઝાલા કારમાંથી ૨૧૬૦ વિદેશી દારૂની બોટલ સાથે નકલી નંબરપ્લેટ સહિત ઝડપાયો હતો. ત્યારે નેતાઓ અને તેમના સગા સંબંધીઓ જ આ રીતે ગેરકાયદે પ્રવૃત્તિમાં પકડાય છે એ ગંભીર બાબત છે.

દારૂબંધીવાળા ગાંધીના ગુજરાતમાં નેતાઓ જ જયારે કાયદો હાથમાં લેતા હોવાના પુરાવા બહાર આવે ત્યારે સામાન્ય જનતામાં પણ તંત્ર પ્રત્યે રોષ વ્યાપે તે સ્વાભાવિક છે. આ વિડીયો વાયરલ થયા બાદ હવે સોશીયલ મીડીયા પર લોકો કહી રહ્યા છે કે શું પોલીસ આ સત્તાધારી પક્ષ ભાજપના નેતા સામે પ્રોહિબેશન એકટ હેઠળ કડક કાર્યવાહી કરવાની હિંમત બતાવશે ખરી ? હાલમાં આ મામલે ભાજપ સંગઠન કે સ્થાનિક પોલીસ તરફથી કોઈ સત્તાવાર પ્રક્રિયા સામે આવી નથી, પરંતુ વિડીયોએ રાજકીય ગરમાવો ચોકકસ વધારી દીધો છે.

# અમદાવાદમાં અષાઢી બીજની રથયાત્રાને પગલે કડક સુરક્ષા: તા.૧૦ જુલાઈથી ૧૭ જુલાઈ સુધી પોલીસ જવાનોની રજાઓ પર પ્રતિબંધ

પ્રતિનિધિ,ગાંધીનગર
પવિત્ર અષાઢી બીજ ની પરંપરાગત રથયાત્રાના તહેવારને ધ્યાનમાં રાખીને ગુજરાત પોલીસ વિભાગ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ચુસ્ત અને તંદુરસ્ત જળવાઈ રહે તે હેતુથી ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) કચેરી દ્વારા એક ખાસ પરીપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

રાજયભરના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તમામ પ્રકારની રજાઓ તાત્કાલીક અસરથી રદ કરી દેવામાં આવી છે. તહેવારો દરમિયાન રાજયમાં કોઈ અનિચ્છિનિય ઘટના ન બને તે માટે આ કડક પગલુ ભરવામાં આવ્યુ છે. પોલીસવડાની કચેરી દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ આગામી તારીખ ૧૦ જુલાઈથી લઈને ૧૭ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન રાજયના કોઈપણ પોલીસ કર્મચારીને રજા મળશે નહી. આ ૮ દિવસ સુધી તમામ રજાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે આદેશમાં એ સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે જો કોઈ કર્મચારીને અત્યંત ખાસ કે અનિવાર્ય સંજોગો અથવા કોઈ મેડીકલ ઈમરજન્સી ઉભી થાય, તો જ સક્ષમ અધિકારીની વિશેષ મંજુરી બાદ જ રજા મંજુર કરી શકાશે. સામાન્ય સંજોગોમાં કોઈપણ પોલીસ કર્મી ફરજ પરથી ગેરહાજર રહી શકશે નહી. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ, ભાવનગર અને અન્ય શહેરોમાં નિકળનારી રથયાત્રાઓમાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડતા હોય છે. આટલી વિશાળ જનમેદની વચ્ચે શાંતિ, સલામતી અને કોમી સૌહાર્દ જળવાઈ રહે તે માટે પોલીસનુ સતત હાજર રહેવુ અનિવાર્ય છે. રજાઓ રદ થવાના કારણે હવે રાજયના તમામ પોલીસ સ્ટેશનો અને પ્રશાસનમાં ૧૦૦ ટકા સ્ટાફ હાજર રહેશે, જેનાથી બંદોબસ્તની કામગીરી વધુ મજબુત બનશે. રથયાત્રાના રૂટ પર લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવાની અને કાયદો વ્યવસ્થા જાળવવાની તૈયારીઓને અત્યારથી જ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

# જામનગરના દરિયામાં માછીમારી, બે બોટ ઝડપાઈ: ૩૧ ઓગસ્ટ સુધી માછીમારી પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર
રાજ્ય સરકાર દ્વારા ૩૧ ઓગસ્ટ સુધી દરિયામાં માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં જામનગરના બેડી વિસ્તારેથી ગેરકાયદે માછીમારી કરવા ગયેલી બે બોટ ઝડપાઈ છે. બેડી મરીન પોલીસે બંને બોટના ચાલકો સામે જાહેરનામાના ભંગ, ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) તેમજ ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસમાંથી મળતી વિગતો મુજબ, જુના બેડી બંદર ખાતેથી પ્રતિબંધ હોવા છતાં માછીમારી કરવા ગયેલી ઝમ-ઝમ (રજિસ્ટ્રેશન નં. જીજે-૧૦-એમએમ-૪૦૪૨) નામની બોટને ઝડપી પાડવામાં આવી હતી. આ મામલે બોટના ચાલક બશીર સંઘાર (રહે. સલાયા, દ્વારકા) સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત અલ-દીલ રઝા (રજિસ્ટ્રેશન નં. જીજે-૧૦-એમએમ-૧૩૭૯) નામની બોટ પણ પ્રતિબંધનો ભંગ કરીને દરિયામાં માછીમારી કરતી ઝડપાઈ હતી.

આ બોટના ધારક હનીફ બિલાલ સુભાણીયા (રહે. ઈકબાલ ચોક, બેડી) સામે પણ જાહેરનામાના ભંગ, બીએનએસ તથા ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બેડી મરીન પોલીસે માછીમારોને પ્રતિબંધના સમયગાળા દરમિયાન દરિયામાં માછીમારી માટે ન જવા સૂચના આપી છે અને નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ ઉચ્ચારી છે.

### સમાજે જાગૃતી કેળવવા અને કુરિવાજો નાબૂદ કરવા બીપીન રાઠોડ ની શીખ

# વાલ્મિકી સમાજની વિવાહિત તકરારો શાંતિથી ઉકેલવા ડી. સી.સોલંકીની અપીલ



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત
સુરત જિલ્લા વાલ્મિકી સમાજ સેવા મંડળ સંચાલિત ગુજરાત પ્રદેશ વાલ્મિકી સમાજ કલ્યાણ સમિતિ આયોજિત કૌટુંબિક તકરાર નિવારણ સમિતિ ની મીટીંગ નવસારી સર્કિટ હાઉસ ખાતે વાલ્મિકી કૌટુંબિક તકરાર નિવારણ સમિતિ ના પ્રમુખ એડવોકેટ ડી સી સોલંકી અંકલેશ્વર ના પ્રમુખસ્થાને તારીખ ૦૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે બે કલાકે મળી હતી. જેમાં સુરત નવસારી વલસાડ બારડોલી વ્યારા ભરૂચ ના આશરે પચાસ જેટલા પ્રતિનિધિ ભાઈ બહેનો હાજર રહ્યા હતા. વિવાહિત તકરાર ના દશ જેટલા પક્ષકારો હાજર રહી તેમની સમસ્યા રજૂ કરી હતી પક્ષકારોની સમસ્યા સાંભળી નિકાલ કરવા પ્રમુખશ્રી એ આશ્વાસન આપેલ હતું. પ્રમુખ સ્થાને થી સંબોધતા ડી.સી.સોલંકીએ જણાવ્યું હતું કે વિવાહિત તકરારો અને અન્ય પ્રશ્નો શાંતિ થી ઉકેલવા જોઈએ .માત્ર નોકરી ઉપર જીવન જીવવા કરતા નાના મોટા ધંધા પણ કારવા જોઈએ. એડવોકેટ બીપીનભાઈ રાઠોડે વાલ્મિકી સમાજ વિવાહિત તકરાર નિવારણ સમિતિ ની રચના બદલ અભિનંદન પાઠવી સમાજે સહકાર આપવા અપીલ કરી હતી.તેમજ સમાજે જાગૃતી કેળવવા અને કુરિવાજો નાબૂદ કરવા શીખ આપી હતી. શશીકાંત સોલંકી દરેક શહેર માં મીટીંગ રાખવા અને સુરત જિલ્લા ના દરેક તાલુકાએ મીટીંગ રાખવા અનુરોધ કર્યો હતો. એડવોકેટ મયંકભાઈ સોલંકી લગ્ન જીવન ટકાવી રાખવા અને શક્ય ના હોય તો કાયદા ની જોગવાઈઓ મુજબ શાંતિ થી છૂટા પડવા સમજ કરી હતી, એડવોકેટ નોટરી અશ્વિન વૈષ્ણવ, દિનેશભાઈ પરમાર, રાજેશભાઈ માંજલપુરીયા, સંજય ભાઈ સોલંકી, હરજીભાઈ ધારાણીયા, એડવોકેટ નોટરી જીતેશકુમાર બિપીનચંદ્ર રાઠોડ વિગેરે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. અને સમિતિ ની શરૂઆત ને આવકારી હતી. ગુજરાત પ્રદેશ વાલ્મિકી સમાજ ના પ્રમુખ ભાઈલાલ બી વૈષ્ણવે વિવાહિત તકરારો અંગે અનેક ઉદાહરણો આપી વહુ ને છોકરી તરીકે અને સાસુ સસરાને માં બાપ તરીકે સ્વીકારવામાં આવેતો અનેક ઝઘડા થતા અટકી જાય અને જીવન શાંતિ થી જીવી શકાય વાલ્મિકી સમાજ માં રૂપિયા સાડાસોળ દહેજ નામ પૂરતું લેવામાં આવે છે પરંતુ વિવાહિત તકરારો થાય ત્યારે લાખો રૂપિયા ની માંગણી કરવામાં આવેતે સમાજ માટે કલંકરૂપ છે આ દૂષણ બંધ થવું જોઈએ કોઈ કારણસર લગ્નજીવન લાંબુ ના ચાલે તો સમાજ દ્વારા સમાધાન ના રસ્તો શોધવો જોઈએ.પરંતુ કોઈક ને હેરાન કરવા વર્ષો સુધી કેસ લંબાવવો એ સમાજ વિરુદ્ધ છે એટલે આવા ઝઘડાઓ નું શાંતિ થી નિવારણ કરવું જોઈએ. સ્વાગત વિધિ મુકેશભાઈ ચૌહાણે કરી હતી સંતશ્રી બળદેવ મહારાજ અને સંતશ્રી ડી કે બાપુ સંત શ્રી દિનેશભાઈ મહારાજ અને સંતશ્રી મનીષ મહારાજ કાર્યક્રમ ની શુભેચ્છા પાઠવી આશીર્વાદ. આપ્યા હતા.પક્ષકારોએ તેમના કેસ ના નિકાલ માટે કમિટી ઉપર કમિટી જે નિર્ણય કરશે તેનું પાલન કરવા લેખિત બાહેધરી આપેલ છે.

### જમીન સાથે જોડાયેલા રહ્યો અને બુમો પાડયા વગર કામ કરો : ફોટોગ્રાફી નહી અભિયાન પર ધ્યાન આપો

# ગુજરાત સરકારના નબળી કામગીરી કરનારા ૬ મંત્રીઓની ફરીયાદને મોદીએ નોંધ લીધી: મંત્રી મંડળના કલાસ લઈ કહ્યું શાનમાં સમજી જાવો




પ્રતિનિધિ,ગાંધીનગર
ગુજરાત સરકારના ૬ એવા મંત્રીઓ છે કે જેઓની નબળી કામગીરીને લઈ કેટલાક ધારાસભ્યો દ્વારા કેન્દ્રીય હાઈકમાન્ડને રજુઆત કરવામાં આવી હતી. જેની વડાપ્રધાન મોદીએ નોંધ લીધી હોવાનુ ગઈ કાલે સાંજે મોદીએ મંત્રીઓના કલાસ લીધા તેને લઈ જોવા મળ્યુ હતું.

સાણંદમાં સેમી કન્ડકટર પ્લાન્ટના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે રાત્રે અમદાવાદ એરપોર્ટ પર રાજય મંત્રી મંડળ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. લગભગ ૧ કલાક ચાલેલી આ બેઠકમાં વડાપ્રધાને મંત્રીઓને વહિવટી કામકાજ અને જનસંપર્ક અંગે મહત્વનુ માર્ગદર્શન આપ્યું હતું. ઓકટોબર ૨૦૨૫ માં મંત્રી મંડળના વિસ્તરણ બાદ પ્રથમવાર આ પ્રકારની બેઠક યોજાઈ હતી. વડાપ્રધાને મંત્રીઓને હળવા પણ મકકમ અંદાજમાં ટકોર કરતા જણાવ્યુ હતુ કે શાનમાં સમજી જાવો, કોઈપણ સરકારી કાર્યને માત્ર ફોટોગ્રાફી પુરતુ મર્યાદીત ન રાખતા તેને એક અભિયાન સ્વરૂપે ઉપાડવુ જોઈએ. તેમણે ખાસ ભાર મુકયો હતો કે કોઈપણ કાર્ય કરવા માટે બુમો પાડવાની કે કોઈની ઉપર ગુસ્સે થવાની જરૂર હોતી નથી. શાંતિ થી અને સચોટ આયોજન સાથે પણ ઉત્તમ પરીણામ લાવી શકાય છે. વડાપ્રધાન મોદીએ પોતાના જુના સંસ્મરણો તાજા કરતા મંત્રીઓને શીખામણ આપી હતી કે તેઓ તેમની જવાબદારીઓનુ વહન કરતી વખતે હંમેશા જમીન સાથે જોડાયેલા રહે, સત્તાના હોદ્દા પર હોવા છતાં લોકસેવા અને નમ્રતા જ મુખ્ય ધ્યેય હોવુ જોઈએ તેવુ તેમણે સુચિત કર્યુ હતું.

બેઠક દરમિયાન વડાપ્રધાને સ્વચ્છતા અભિયાનના મહત્વ પર ફરીથી ભાર મુકયો હતો. તેમણે મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળના સમયને યાદ કરતા જણાવ્યુ હતુ કે માત્ર અમદાવાદ, સુરત કે વડોદરા જેવા મોટા શહેરો જ નહી પરંતુ સમગ્ર ગુજરાત રાજય સ્વચ્છતામાં દેશભરમાં નંબર-૧ બને તેવો સંકલ્પ કરીને મંત્રીઓએ કામ કરવુ જોઈએ. આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત મંત્રી મંડળના સભ્યો હાજર રહ્યા હતા. જો કે ૨૬ સભ્યોના મંત્રી મંડળમાંથી બે મંત્રીઓ તબિયતને કારણે ગેરહાજર રહ્યા હોવાનુ જાણવા મળ્યુ હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ ઓગસ્ટ ૨૦૨૨ માં વિધાનસભા ચુંટણી અગાઉ પણ વડાપ્રધાને અમદાવાદ એરપોર્ટ પર જ મંત્રીઓને આવી જ રીતે લેશન આપ્યુ હતું. વડાપ્રધાનનુ આ પ્રકારનુ માર્ગદર્શન મંત્રીઓ માટે આગામી સમયમાં કામગીરી ની દિશા નકકી કરવામાં ખુબ મહત્વનુ સાબિત થશે. ઉલ્લેખનીય છે કે નબળી કામગીરી કરનારા ૬ મંત્રીઓને આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીઓમાં ટીકીટ મળે તેવા કોઈ સંકેતો મોદીના કહેવાથી મળતા નથી.

# ચીકદા તાલુકામાં વાવણી સમયે જ યુરીયા ખાતરની અછતથી ખેડુતો હેરાન પરેશાન



પ્રતિનિધિ,ગાંધીનગર
નવનિર્મિત ચીકદા તાલુકાના નાની બેડવાણ ગામે રાસાયણીક યુરીયા ખાતરની અછત સર્જાતા ખેડુતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખેતીની વ્યસ્ત સીઝનમાં સમયસર ખાતર ન મળતા ખેડુતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

ખેડુતોના જણાવ્યા મુજબ ૪-૪ દિવસથી લાંબી લાઈનમાં ઉભા રહેવુ પડે છે. છતાં તેમને યુરીયા ખાતર મળતુ નથી. તેમનો આક્ષેપ છે કે રોજેરોજ મોટી સંખ્યામાં ખેડુતો ખાતર લેવા પહોચે છે, પરંતુ ૫૦ થી ૬૦ ખેડુતો ને જ યુરીયા અપાય છે. જયારે બાકીના ખેડુતોને નિરાશ થઈને પરત ફરવુ પડે છે. ખાતર વિતરણ દરમિયાન અવ્યવસ્થાને કારણે ખેડુતો વચ્ચે બોલાચાલી અને ઝઘડાની ઘટના પણ બનતી હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક આગેવાનો દ્વારા આવેદનપત્ર આપી ચીકદા તાલુકામાં અલગ ખાતર ડેપો ફાળવવાની માંગ કરાઈ છે. જેથી ખેડુતોને નજીકમાં અને સમયસર ખાતર મળી રહે, ખેડુતોનુ કહેવુ છે કે ખેતીની સીઝન દરમિયાન તેઓ પોતાના રોજીંદા કામકાજ છોડીને માત્ર ખાતર માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબુર બન્યા છે. હાલમાં તાલુકામાં સારો વરસાદ પડી રહ્યો છે. મોટાભાગના ખેડુતો પાકોની વાવણી પૂર્ણ કરી ચુકયા છે. હવે પાકના યોગ્ય વિકાસ માટે યુરીયા ખાતરની તાત્કાલીક જરૂરીયાત ઉભી થઈ છે. ખેડુતોની માંગ છે કે જિલ્લા વહિવટી તંત્ર અને કૃષિ વિભાગ તાત્કાલીક પુરતા પ્રમાણમાં યુરીયા ખાતર ઉપલબ્ધ કરાવે અને વિતરણ વ્યવસ્થામાં સુધારો કરીને ખેડુતોને હાલાકીમાંથી મુકિત અપાવે.

# હિંમતનગર નગરપાલિકામાં સ્વચ્છતા અભિયાનના ઉડી રહ્યા છે ધજાગરા: પાલિકાનુ પોલોગ્રાઉન્ડનુ હોર્ડિંગ્સ સ્વચ્છતા અભિયાનનુ ગંદકીમાં કરી રહ્યું છે વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ
રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર વરસે દહાડે સ્વચ્છતા અભિયાન હેઠળ લાખો કરોડો રૂપીયાની ગ્રાન્ટો મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓને ફાળવતી હોય છે. જયારે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર નગરપાલિકાના સત્તાધીશોની બેદરકારી કહો કે જે હોય તે પરંતુ નગરપાલિકા દ્વારા લાખો રૂપીયા ખર્ચી લગાડવામાં આવેલા હોર્ડિંગ્સ ગંદકીમાં વધારો કરી રહ્યા છે. શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં જાણીતા એડવોકેટ ગીરીશ ભાવસારના મકાનની આગળ સ્વચ્છતા અભિયાન હેઠળ લગાડવામાં આવેલુ હોર્ડિંગ્સ નગરપાલિકાની બેદરકારીને કારણે હોર્ડિંગ્સ નવુ લગાડવા કે પછી હોર્ડિંગ્સ ને સમારકામ ન કરવાને કારણે હોર્ડિંગ્સ ગંદકીમાં ઓર વધારો કરી રહ્યુ છે.

